RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 302* Date: 30.08.2020 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કુલ કેસનો આંકડો ૩૪.૬૩ લાખને પાર, મૃત્યુઆંક ૬૨ હજારથી વધુ

# કોરોના સંકટ: ૨૪ કલાકમાં ૭૬૪૭૨ પોઝિટિવ કેસ, ૧૦૨૧ના મોત

### ભારત વિશ્વમાં કોરોના સંક્રમિત દેશોની યાદીમાં ત્રીજા નંબરે, પોઝિટિવ રેટ છેલ્લા દોઢ મહિનાથી સતત ઘટતો હોવાનું અનુમાન

*ન્યુ દિલ્હી,તા.૨૯*

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૪ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના અત્યાર સુધીના સૌથી વધુ ૭૬૪૭૨ કેસ નોંધાતા કુલ આંકડો ૩૪૬૩૯૭૨ સુધી પહોંચી ગયો છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૫૦૫૦ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૬૪૮૯૯૮ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૨૧ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૨૫૫૦ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શનિવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૭૫૨૪૨૪ એક્ટિવ કેસ છે.



કોરોનાના સતત વધી રહેલા સમાચાર વચ્ચે જો કે રાહતના ખબર પણ મળ્યાં છે. પ્રતિ ૧૦૦ ટેસ્ટ પર કન્ફર્મ કેસના આંકડા એટલે કે પોઝિટિવિટી રેટ છેલ્લા લગભગ દોઢ મહિનાથી સતત ઘટી રહ્યો છે. દર ૧૪ દિવસે માપવામાં આવતો આ દર ૧૫ જુલાઈ-૨૮ જુલાઈ વચ્ચે જ્યાં ૧૧.૨૩ ટકા હતો ત્યાં ૧૪-૨૭ ઓગસ્ટની વચ્ચે તે ૮.૮૪ ટકા થઈ ગયો. જો કે મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળમાં સ્થિતિ ચિંતાજનક છે. આ રાજ્યો ઉપરાંત તામિલનાડુ અને દિલ્હીનો પોઝિટિવિટી રેટ સૌથી વધુ છે. જે વિસ્તારોમાં છેલ્લા ૧૪ દિવસમાં ૫ટકાથી ઓછો પોઝિટિવિટી રેટ રહ્યો છે તે રાહતના શ્વાસ લઈ શકે છે. પરંતુ ૫ ટકાથી વધુ પોઝિટિવિટી રેટવાળા વિસ્તારો રેડ ઝોનમાં આવે છે. પોઝિટિવિટી રેટ જેટલો વધુ હશે ત્યાં સંભાવના એ છે કે વધુ પ્રમાણમાં બીમારોનું ટેસ્ટિંગ થઈ રહ્યું છે અને મોટી સંક્રમિત વસ્તીનું ટેસ્ટિંગ થતું નથી.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૪૭૨૫૯૦૩ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮૩૬૮૧૪ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૬૧૮૬૨૮૬ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૭૦૨૮૦૩ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

### સ્કૂલ અને કોલેજ બંધ જ રહેશે

## અનલોક-૪ની તૈયારીઓ શરૂ: મેટ્રો સર્વિસને મંજૂરી મળવાની શક્યતા



*ન્યુ દિલ્હી,તા.૨૯*

કોરોના વાયરસના રેકોર્ડ બાબતોની વચ્ચે ભારત અનલોક ૪ની તરફ વધી રહ્યું છે. ૧ સપ્ટેમ્બરથી અનલોકનો ચોથો તબક્કો શરૂ થશે. દેશમાં અંદાજે ૩૫ લાખ કોરોના કેસ થનાર છે. મૃતકોની સંખ્યા પણ ૬૨000થી વધુ થઇ ચૂકી છે. એવામાં સાવધાનીની સાથે આગળ વધવાની જરૂર છે. અનલોક-૪ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયની તરફથી એક-બે દિવસમાં ગાઇડલાઇન રજૂ કરી દેવામાં આવશે. કેટલીક વસ્તુઓને બાદ કરતાં મોટાભાગની ગતિવિધિઓની મંજૂરી આપી શકે છે. બહાર નીકળતા સમયે માસ્ક લગાવવું હજુ પણ જરૂરી રહેશે. રાજ્ય પોતાને ત્યાં કોરોના સંક્રમણના હિસાબથી ગાઇડલાઇન્સમાં ફેરફાર કરી શકશે. કેન્દ્ર સરકાર મેટ્રો સર્વિસીસને શરૂ કરવાની છૂટ આપી શકે છે. ૨૨મી માર્ચથી જ મેટ્રો સર્વિસીસ ઠપ પડી છે જ્યારે ૧ સપ્ટેમ્બરથી દિલ્હી-એનસીઆરમાં મેટ્રો બંધ છે. મેટ્રો શરૂ કરવા પર કોન્ટેક્ટલેસ ટિકિટિંગ સિસ્ટમ લાગૂ કરાશે અને ટોકન્સ રજૂ થશે નહીં.

કોલકત્તામાં સ્થાનિક ઉડાનોને લેન્ડ કરવાની છૂટ મળી જશે. સીએમ મમતા બેનર્જી એ કહ્યું કે ૧ સપ્ટેમ્બરથી દિલ્હી, મુંબઇ, પૂણે, નાગપુર, ચેન્નાઇ અને અમદાવાદની ફ્લાઇટ કોલકત્તા એરપોર્ટ ઉતરી શકશે. રાજ્યમાં વીકેન્ડ પર લોકડાઉન ચાલુ રહેશે.

સ્કૂલ અને કોલેજ બંધ જ રહેશે. જો કે કર્ણાટકમાં ૧ સપ્ટેમ્બરથી ડિગ્રી કોલેજોની ઓનલાઇન કલાસીસ શરૂ થઇ રહી છે. ત્યાં ૧ ઑક્ટોબરથી ઓફલાઇન કલાસી સિનેમા હોલ્સ હજુ પણ બંધ રહેવાની શકયતા છે. સોશિયલ ડિસ્ટેંસિંગના નિયમોના લીધે માત્ર ૨૫-30% સીટો જ બુક થઇ શકશે તેથી ખોટ જશે. જો કે કર્ણાટકમાં સિનેમા હોલ્સને ખોલવાની છૂટ આપી શકે છે. મુંબઇની લોકલ ટ્રેન સર્વિસ બંધ રહેશે. મુંબઇ પોલીસે પણ ચેતવણી રજૂ કરી છે કે જો કારણ વગર કોઇ ફરતું જોવા મળશે તો ગાડી સીઝ કરી દેવાશે. માસ્ક પહેરવું જરૂરી છે. આ સિવાય ખુલ્લામાં થૂંકવા પર પણ પ્રતિબંધ છે. સોશિયલ ડિસ્ટેંસિંગનું પાલન પણ જરૂરી છે. જો ગાઇડલાઇન્સ ફોલો નહીં કરો તો મોટો દંડ વસૂલી શકાય છે.

### પુલવામાં એન્કાઉન્ટર: ત્રણ આતંકી ઠાર, એક જવાન શહિદ

## છેલ્લા ૨૪ કલાકમાં જમ્મુ-કાશ્મીરમાં સાત આતંકીઓનો સફાયો

### શુક્રવારે એન્કાઉન્ટરમાં સેનાએ ૪ આતંકીઓને ઠાર કર્યા હતા, આતંકવાદીઓ પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો અને કારતૂસ જપ્ત કરાયા

*શ્રીનગર,તા.૨૯*

જમ્મુ કશ્મીરના પુલવામામાં છેલ્લા ચોવીસ કલાકમાં સિક્યોરિટી દળો અને આતંકવાદીઓ વચ્ચે બીજી વાર અથડામણ થઇ હતી જેમાં સિક્યોરિટી દળનો એક જવાન શહીદ થયો હતો. સામા પક્ષે ત્રણ આતંકવાદી ઠાર થયા હતા.

ભારતીય લશ્કરના પ્રવક્તાએ આપેલી માહિતી મુજબ સાઉથ પુલવામામાં જદૂરા ગામમાં આતંકવાદીઓ અને સિક્યોરિટી દળો વચ્ચે અથડામણ થઇ હતી. અત્યાર અગાઉ શુક્રવારે પણ સિક્યોરિટી દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઇ હતી જેમાં ચાર આતંકવાદી ઠાર થયા હતા અને એક આતંકવાદી શરણે આવ્યો હતો. આજના એક્રાઉન્ટરમાં આપણો એક જવાન શહીદ થયો હતો. સામે ત્રણ આતંકવાદી ઠાર થયા હતા. આમ ચોવીસ કલાકમાં જવાનોએ સાત આતંકવાદીને ઠાર કર્યા હતા. ઠાર કરાયેલા આતંકવાદીઓ પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો અને કારતૂસ જપ્ત કરવામાં આવી છે.

પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે ઘટનાસ્થળેથી કેટલાંક હથિયારો અને વાંધાજનક સામાન મળ્યો હતો, આતંકવાદીઓ પાસેથી એક એકે ૪૭ અને બે પિસ્તોલ સિક્યોરિટી દળોએ કબજે કર્યા હતા. સિક્યોરિટી દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો અને હજુ વધુ તપાસ ચાલુ હતી. કશ્મીર ખીણ વિસ્તારમાં લશ્કર અને પોલીસ વીણી વીણીને આતંકવાદીને ખતમ કરી રહ્યા હતા શુક્રવારે થયેલી અથડામણમાં સરપંચ નાસિરની હત્યા કરનારો સુહૈબ પણ માર્યો ગયો હતો એમ કશ્મીરના આઇજીપી વિજય કુમારે કહ્યું હતું.

છેલ્લા થોડા સમયથી આતંકવાદીઓ જે તે વિસ્તારના સરપંચ અને સિક્યોરિટી દળના જવાનો પર હુમલા કરી રહ્યા હતા. જો કે કેન્દ્ર સરકારે આપેલી છૂટના પગલે હવે સિક્યોરિટી દળો વધુ કડક હાથે કામ લઇ રહ્યા હતા. જ્યાં જ્યાં આતંકવાદી હોવાની માહિતી મળે ત્યાં સિક્યોરિટી જવાનો જઇને આતંકવાદીને પડકારે છે અને શક્ય હોય ત્યાં સુધી એને જીવતો પકડવાના પ્રયાસ કરે છે. આતંકવાદી ગોળીબાર કરે તો સામો ગોળીબાર કરીને એને હંફાવવામાં આવે છે.

### સપ્ટેમ્બરમાં વરસાદની ગતિ ધીમી પડશે,અત્યાર સુધી સરેરાશથી ૯% વધુ વરસાદ

## દેશમાં ઓગસ્ટ મહિનામાં સૌથી વધુ વરસાદ: ૪૪ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

*ન્યુ દિલ્હી,તા.૨૯*

આ વખતે ચોમાસું બહુ સારુ રહ્યું છે. દેશભરમાં અત્યાર સુધી સરેરાશથી ૯ ટકા વધુ વરસાદ નોંધાઇ ચૂક્યો છે. જેમાં ઓગસ્ટ મહિનામાં સૌથી વધુ વરસાદનો ૪૪ વર્ષ જૂનો રેકોર્ડ તૂટી ગયો. એકથી ૨૮ ઓગસ્ટ સુધી ૨૯૬.૨ મિમી. વરસાદ પડ્યો. જ્યારે આ મહિનામાં સરેરાશ ૨૩૭ મિમી. વરસાદ નોંધાય છે. આવી રીતે સરેરાશ ૨૫ ટકા વરસાદ ઓગસ્ટમાં નોંધાયો.૧૯૭૬માં ઓગસ્ટ મહિનામાં ૨૮.૪ ટકા વધુ વરસાદ પડ્યો હતો. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ દેશભરમાં જુલાઈમાં સરેરાશથી ૧૦ ટકા ઓછો વરસાદ થયો હતો. પરંતુ તેવી કસર ઓગસ્ટ મહિનામાં પુરી થઇ ગઇ. આ મહિનામાં અત્યાર સુધી સરેરાશથી ૨૫ ટકા વધુ વરસાદ પડ્યો. જે ૧૯૭૬ બાદ આ મહિનામાં સૌથી વરસાદનો વિક્રમ છે. ભારતીય હવામાન વિભાગના ઓગસ્ટના આંકડા મુજબ ચાલુ મોનસૂન સીઝનમાં એક જૂનથી ૨૮ ઓગસ્ટ સુધી દેશભરમાં ૭૪૯.૬ મિમી. વરસાદ નોંધાયો. જ્યારે



દેશમાં આ સમયમાં સરેરાશ વરસાદ ૬૮૯.૪ મિમી. થાય છે. જેનાથી ૯ ટકા વધુ વરસાદ પડતા ધરતીપુત્રો ખુશખુશાલ છે. અલબત્ત પશ્ચિમ ઉત્તર ભાગમાં સરેરાશના ૨૫ ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

આઇએમડીના ડાયરેક્ટર જનરલ ડૉ. મૃત્યુંજય મહાપાત્રે જણાવ્યું કે ચોમાસા અંગે અત્યાર સુધીની આગાહી સાચી સાબિત થઇ છે અને દેશભરમાં સારી રીતે વરસાદ પડ્યો છે. ઓગસ્ટમાં જોરદાર વરસાદ પડ્યો. પરંતુ સપ્ટેમબરમાં તેમાં ઘટાડો નોંધાઇ શકે છે. છતાં જે વિસ્તારોમાં ઓછો વરસાદ પડ્યો ત્યાં સારો વરસાદ પડવાની સંભાવના છે.

આઇએમડીના આંકડા પ્રમાણે દેશમાં એકથી ૨૮ ઓગસ્ટ સુધી ૨૯૬.૨ મિમી. વરસાદ પડ્યો. જ્યારે આ મહિનામાં સરેરાશ ૨૩૭ મિમી. વરસાદ નોંધાય છે. આવી રીતે સરેરાશ ૨૫ ટકા વરસાદ ઓગસ્ટમાં નોંધાયો. જે ૧૯૭૬ બાદનો રેકોર્ડ છે. ૪૪ વર્ષ પહેલાં દેશમાં ઓગસ્ટ મહિનામાં ૨૮.૪ ટકા વધુ વરસાદ પડ્યો હતો. જ્યારે ૧૯૦૧થી લઇ ૨૦૨૦ દરમિયાન ઓગસ્ટમાં સૌથી વધુ વરસાદનો રેકોર્ડ ૧૯૨૬નો છે. ત્યારે સરેરાશથી ૩૩ ટકા વધુ વરસાદ પડ્યો હતો.

## પર્યાવરણમાં બદલાવની લડાઈમાં ભારત સુપરપાવર બની શકે: યુનો

*યુનો,તા.૨૯*

પર્યાવરણમાં થઇ રહેલા બદલાવની લડાઇમાં ભારત ખરાં અર્થમાં સુપરપાવર બની શકે એમ છે અને સ્વચ્છ ઊર્જાની મદદથી ભારત પર્યાવરણમાં થઇ રહેલા બદલાવનો સામનો કરવામાં વિશ્ર્વનેતા બનવાની ક્ષમતા ધરાવતું હોવાની વાત સંયુક્ત રાષ્ટ્રસંઘના વડા એન્ટોનિયો ગુટારેસે કહી હતી. સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રીએ વધુમાં જણાવ્યું હતુ કે એ માટે ભારતે ફોસિલ આધારિત ઊર્જાને બદલે રિન્યુએબલ ઊર્જા તરફ વળવું પડશે.એમણે વધુમાં જણાવ્યું હતુ કે યુવાનો સાહસી પગલાં લેવા, સમાનતા અને સામાજિક ન્યાય લાવવામાં વિશ્ર્વાસ ધરાવે છે. આ સમય સ્વચ્છ ઊર્જા અને પર્યાવરણ વિશે સાહસી નિર્ણયો લેવાનો છે. આપણને જોઇતી આગેવાની ભારત લે એવું હું ઇચ્છું છું.

## અમેરિકામાં હવે કોરોના પીડિતોને અપાશે રેમેડિસવિર: મળી મંજૂરી

*ન્યુ દિલ્હી,તા.૨૯*

અમેરિકાએ પોતાના દેશમાં કોરોના પીડિત દર્દીઓ પર એન્ટિવાયરલ ડ્રગ રેમેડિસવિરના ઉપયોગને પરવાનગી આપી દીધી છે. હોસ્પિટલમાં દાખલ કોરોના સંક્રમિત દર્દીઓને હવે આ દવા આપવામાં આવશે.

ડ્રગમેકર કંપની ગિલિયડ સાયન્સે કહ્યુ કે નિયામકોએ કોવિડ-૧૯ના કારણે હોસ્પિટલમાં દાખલ તમામ દર્દીઓ માટે પ્રાયોગિક એન્ટિવાયરલ ડ્રાગ રેમેડિસવિરનો ઉપયોગ કરવાની અનુમતિ આપી દીધી છે.

અગાઉ અમેરિકી ખાદ્ય અને ઔષધિ વહીવટીતંત્રએ આપાતકાલીન સ્થિતિમાં આ દવાના ઉપયોગની પરવાનગી આપી દીધી હતી અત્યાર સુધી આ ગંભીર કોરોના વાયરસથી પીડિત રોગીઓને આપવામાં આવતી હતી. કેલિફોર્નિયાની કંપની ગિલિયડે ૧૦ ઓગસ્ટે રેમેડિસવિરની ઔપચારિક મંજૂરી માટે અરજી કરી હતી. હવે આને બ્રાન્ડ નામ વેક્લેરી હેઠળ વેચવામાં આવશે.

ગિલિયડે એક નિવેદનમાં કહ્યુ કે આ આપાતકાલીન ઉપયોગની સુવિધાનો વિસ્તાર છે. હોસ્પિટલમાં દાખલ દર્દીઓને લઈને હાલના સંઘીય અધ્યયનના પરિણામો પર આ આધારિત હતુ. જેમાં ગંભીરતાના વિભિન્ન સ્તરને જોતા આ નિર્ણય લેવાયો છે.

ગિલિયડના અધ્યયનમાં જાણવામાં આવ્યુ છે કે કોરોના વાઈરસના કારણે હોસ્પિટલમાં દાખલ દર્દીઓમાં, રેમેડિસવિર ઉપયોગ બાદ પાંચ દિવસની સારવારમાં સુધાર થવાની સંભાવના ૬૫% વધારે હતી.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૨૮૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૯૩૮૮૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૧૧૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૫૭૬૨**

## તંત્રી સ્થાનેથી...

# અતિપછાત જ્ઞાતિઓને અનામતમાંથી અલગ અનામત

ભારતની સર્વોચ્ચ અદાલતે અનામતના વર્ગોમાં પેટા-વર્ગીકરણ કરવાના રાજ્યના અધિકારને માન્યતા આપતું નિરીક્ષણ કર્યું છે.સર્વોચ્ચ અદાલતના નિરીક્ષણ અનુસાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક-શૈક્ષણિક પછાત વર્ગ માટે કરાયેલ અનામતની વ્યવસ્થામાં હવેથી અતિપછાત સમુદાયના લોકોને ન્યાય મળવાની આશા નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરાઈ રહી છે.નોંધનીય છે કે પાછલા ઘણા સમયથી અનામતની વ્યવસ્થાનો લાભ વંચિત સમાજમાં પણ કેટલાક નિશ્ચિત વર્ગના લોકોને જ મળી રહ્યો હોવાના કારણે વંચિત સમાજના અતિપછાત વર્ગ દ્વારા અવારનવાર અનામતના વર્ગોમાં પેટાવર્ગીકરણ કરવાની માગણી ઊઠી રહી હતી.નોંધનીય છે કે અગાઉ સુપ્રીમ કોર્ટે રાજ્ય દ્વારા અનામતનો લાભ મેળવતા વર્ગોમાં અમુક ચોક્કસ સમુદાયને પ્રાથમિકતા આપવા માટે કરાયેલ પેટાવર્ગીકરણની વ્યવસ્થાને ગેરબંધારણીય જાહેર કરી હતી.જોકે, હાલના નિરીક્ષણ પ્રમાણે સુપ્રીમ કોર્ટે આ પ્રકારના વર્ગીકરણ અંગે સંમતિયુક્ત નિરીક્ષણ કર્યું છે.હવે જ્યારે સર્વોચ્ચ અદાલતે આ મુદ્દો પોતાના હાથમાં લીધો છે ત્યારે આખરે સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાનોમાં અનામત મેળવતા વર્ગોમાં પણ કેમ અલાયદા વર્ગીકરણની વ્યવસ્થા ગોઠવવાની માગ ઊઠી રહી છે એ જાણવા માટે બીબીસી ગુજરાતીએ કેટલાક નિષ્ણાતો સાથે વાત કરી હતી.એ પહેલાં જાણી લઈએ કે સુપ્રીમ કોર્ટ બાદ ચર્ચાનો વિષય બની ગયેલો આ મામલો ખરેખર શું છે?વર્ષ ૨૦૦૪માં સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બૅન્ચે ઈ. વી. ચિનૈયા વિરુદ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય મામલામાં ઠરાવ્યું હતું કે અનામત સમાન લોકોના સમૂહને અપાઈ છે.આ નિર્ણય પ્રમાણે સુપ્રીમ કોર્ટે તે સમયે ઠરાવ્યું હતું કે, "અનુસૂચિત જાતિના લોકો એક ચોક્કસ જૂથનું નિર્માણ કરે છે. તેથી આ જાતિમાં આંતરિક વર્ગીકરણ એ બંધારણના અનુચ્છેદ ૧૪નું ઉલ્લંઘન ગણાશે.સાદી ભાષામાં સુપ્રીમ કોર્ટે એ ચુકાદાથી અનામત મેળવતી જાતિઓમાં પેટાવર્ગીકરણ કરવાના સરકારના અધિકારને ગેરબંધારણીય ઠેરવી દીધો હતો.જોકે ગુરુવારે જસ્ટિસ અરુણ મિશ્રાની અધ્યક્ષતાવાળી પાંચ જજોની બંધારણીય પીઠે આ ચુકાદા વિરુદ્ધનું નિરીક્ષણ રજૂ કર્યું છે.આ નિરીક્ષણમાં નોંધાયું છે કે, સરકાર એસસી, એસટી અને ઓબીસી વર્ગોમાં પેટાવર્ગીકરણ કરી શકે છે. જેથી અનામતનો ખરો હેતુ સિદ્ધ કરી શકાય.જોકે, આ મામલે આ અંતિમ નિરીક્ષણ ન કહી શકાય. કારણ કે જસ્ટિસ મિશ્રાની બૅન્ચે આખરી નિર્ણય માટે આ મામલાની સુનાવણી સાત જજ કે તેથી વધુની સંખ્યાવાળી બંધારણીય બૅન્ચ સમક્ષ કરવા માટે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશને વિનંતી કરી છે.ગુજરાત સરકારના સામાજિક ન્યાય વિભાગની વેબસાઈટ પર દર્શાવેલ યાદી અનુસાર ગુજરાતમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોય તેવી ૧૪૬ જ્ઞાતિઓનાં નામ નોંધાયેલાં છે. જે પૈકી ડફેર, મેતા, મેણા અને કાંગસીયા જેવી ૧૨ જ્ઞાતિઓને અતિ પછાત જ્ઞાતિઓ તરીકે માન્યતા અપાઈ છે.સામાજિક ન્યાય વિભાગની વેબસાઈટ પરની અન્ય વિગતો અનુસાર કુલ ૩૬ જ્ઞાતિઓને અનુસૂચિત જાતિમાં સમાવી લેવાઈ છે. જે પૈકી સેનવા, તુરી અને માતંગ જેવી ૧૨ જ્ઞાતિઓને અતિ પછાત જ્ઞાતિઓ તરીકેની માન્યતા અપાઈ છે.આદિવાસીઓના અધિકારો માટે કાર્યરત્ પ્રોફેસર વસાવાના જણાવ્યા અનુસાર ગુજરાતમાં અનુસૂચિત જનજાતિનીમાં કુલ ૨૯ જ્ઞાતિઓ સમાવિષ્ટ છે. તેમજ તેમાં પછાત અને અતિ પછાત એવું વર્ગીકરણ કરાયું નથી.નિષ્ણાતો અનુસાર અવારનવાર અનામત મેળવતા વર્ગો પૈકી અમુક ચોક્કસ સમુદાયને જ લાભ મળતા હોવાની ફરિયાદો ઊઠતી રહે છે.જે કારણે આવા વર્ગોમાં રહેલી અતિ પછાત જ્ઞાતિના લોકો દ્વારા પોતાની કૅટેગરીમાં અલાયદી અનામત આપવાની રજૂઆતો થતી રહે છે. જેથી શૈક્ષણિક સંસ્થાનો અને સરકારી નોકરીઓમાં જે-તે સમાજના લોકોનું પૂરતું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી શકાય.દલિત અધિકારો માટે કામ કરતાં સમાજસેવક રાજુ સોલંકી એસસી, એસટી અને ઓબીસી વર્ગોમાં પેટાવર્ગીકરણ આ સમાજના અતિ પછાત લોકો માટે લાભકારક સાબિત થઈ શકે તેવો મત રજૂ કરે છે.

આ વિશે તેઓ જણાવે છે કે, જો સંપૂર્ણ અનામતપ્રથાની યોગ્ય રીતે અમલવારી થાય તો જ આ પ્રકારના પેટાવર્ગીકરણનો યોગ્ય લાભ મળી શકે.આ સિવાય તેઓ આર્થિક આધારે અપાતી અનામતને અનામતના પેટાવર્ગીકરણ અને સમગ્ર અનામતપ્રથા માટે એક ભયસ્થાન ગણાવે છે.તેઓ આ વિશે કહે છે, જો સરકાર ખરેખર અનામત મેળવતા વર્ગોમાં અતિ પછાત રહી ગયેલા સમુદાયો માટે પેટાવર્ગીકરણ કરવા માગતી હોય તો સૌપ્રથમ આર્થિક આધારે અપાતી અનામત બંધ કરવી પડે.જો આવું શક્ય બને તો જ સંપૂર્ણ અનામતપ્રથા અને પેટાવર્ગીકરણનો લાભ મળી શકશે.તેઓ આગળ વાત કરતાં કહે છે કે, જોકે, સરકાર હાલની અનામતપ્રથાનો બરોબર અમલ કરવામાં રસ ધરાવતી હોય તેવું નથી લાગતું તો પછી અનામત મેળવતા વર્ગોના પેટાવર્ગીકરણની વાત તો દૂરની છે.તેઓ દેશમાં અનામતપ્રથાના અપૂરતા અમલ તરફ ધ્યાન દોરતાં જણાવે છે, દેશમાં શિક્ષણના ક્ષેત્રે અને ન્યાયવ્યવસ્થા ક્ષેત્રે પણ અનામતનો અમલ બરાબર થતો નથી. તેથી પહેલાં આવાં બધા ક્ષેત્રોમાં અનામતની અમલવારી થાય અને પછી પેટાવર્ગીકરણની વાત થાય એ ઈચ્છનીય છે.''સાંસ્કૃતિક કાર્યકર અને ચિંતક ગણેશ દેવી અનામતના પેટાવર્ગીકરણનાં પરિણામો વિશે વાત કરતાં જણાવે છે કે, હાલ અનામતના લાભ મેળવનાર લોકોની સંખ્યા વધુ છે જ્યારે તેની સરખામણીએ તકો ઘણી ઓછી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૩૦-૮-૨૦૨૦, રવિવાર, ભાદરવા સુદ-૧૨, મોહરમ
સૂર્યોદય-૬-૩૦, સૂર્યાસ્ત-૭-૦૫, જૈન નવકારશી-૭-૧૮,
આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઉત્તરષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૮-૦૪થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૭ સુધી, ૧૪-૨૧ થી શુભ-૧૫-૫૬ સુધી, ૧૯-૦૪ થી શુભ-અમૃત-ચલ-૨૩-૨૨ સુધી

**- શુભ હોરા-**

૭-૩૩ થી ૧૦-૪૨ સુધી, ૧૧-૪૪ થી ૧૨-૪૭ સુધી, ૧૪-૫૩ થી ૧૮-૦૧ સુધી ૧૯-૦૪ થી ૨૦-૦૧ સુધી

# કોંગ્રેસની કફોડી સ્થિતઃ હમેં કોતો અપનોને હી લૂંટા, ગેરોમે કહાં દમ થા?

આજે આમ જોવા જાવ તો ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ પાર્ટી ની સ્થિતિ કફોડી અને દયા જનક દશા ઉપર આવી ગઈ હોય તેમ લાગેછે. જયારે હાલની ભાજપની નેતાગીરી વાળી સરકાર ના ૬ વર્ષોના સત્તાકાળ દરમ્યાન, હકીકત એ છે કે ભારતની પુરી અર્થવ્યવસ્થા અને બીજી ઘણી એવી સંસ્થાઓ ખાડામાં બેસી જતી દેખાય છે. આવા સંજોગોમાં વીરૂદ્ધ પક્ષને સત્તા પક્ષને હંફાવનો સુવર્ણ અવસર હોવા છતાં, આ ભારત નો એક માત્ર મોટા રાજકીય પક્ષ પોતાના જ આંતરિક વિખવાદમાં અસ્થિર બનતો જતો ગયોછે. થોડા સમય પહેલાજ, સિંધિયા જેવા તેમનાજ યુવાનેતા, જે પાર્ટીના પાવર હોઉસ ની એકદમ નજદીક માનવામાં આવતા હતા તેમણે પણ અચાનક પાલટીમરી અને સેક્યુલર વિચારધારા માંથી સીધા જ હિન્દુત્વ ના સકંજામાં પોહચી ગયા. પછી, ખરે સમયે, આ સચિન પાયલોટ જી એ પણ એક અનોખું પગલું લઈ અને આખી પાર્ટીને હચમચાવી મૂકી હતી. ભલે પાછા તો આવી ગયા છે પણ જે માન-મારિયાદની લાગણી હતી તેમાં હવે તો આખરે ખટાસ રહી જ જવાની? તે કોંગ્રેસ માટે હવે તો છાસ ફૂંકી ફૂંકીને પીવા જેવું થશે! અને બીજા કોઈ એવું નાટક ફરી ગ્રણ વખતે સાપ કાઢી ના બેસે તેની કોઈ ખાતરી હવે નહિ આપે! ગમે તેમ કહો પણ રાહુલ ગાંધીએ પોતાની નૈતિક જવાબદારી લઈ ૨૦૧૯ ની કોંગ્રેસની હાર પછી પ્રમુખ પદેથી રાજીનામુ આપી દીધેલું તે આવકારવા દાયક છે.

એમ લાગે છે કે ભલે ભાજપ તેને પપ્પૂ કહી નીચો દેખાડવા પ્રયત્ન કરે પણ તે હવે સમજદાર અને ચાલાક રાજકીય પ્રાણી લાગે છે અને આ આવતા ઘમાસાણ ની ગંધ અને આવતા તોફાની આંતરિક આન્ધિ નો અંદાજ તેમને થાવ માંડ્યો જ હશે. કદાચ તેમના મનમાં આ દિલવાલે નામની ફિલ્મ માં અજય દેવગણનો એક ડાયલોગ યાદ આવ્યો પણ હશે કે,× હેમેં તો અપનો નેહિ લૂંટા,ગેરોમે કહાં દમ થા? વાત પણ સાચી છે, ભાજપ ના સુખના -અચ્છેદિનનના- ભાગીદારો ગમે તેટલા ભીનું સંકોળે પણ જમીની હકીકત ક્યાં સુધી સંતાડી શકાશે. સંઘ ના સેવાકો અને રિપોર્ટરોના પણ કુટુંબ તો છે જ. તેમના પણ છોકરા ભણાવવા ફી જોઈએ અને ઘરમાં ઘરડા માબાપ પણ બીમારી ઉપર દવા માંગે છે. અહીં, કૂદકે ને ભૂસકે વધતી બેકારી, નોકરી ધંધા પણ થપ થતા જતા દેખાય છે, ઉત્પાદન અને કેન્ઝ્યુમર માર્કેટ પણ ફલોપ થવા મંડી છે, તેવામાં પરદેશથી પણ વેપાર અને નિવેશ માટે નિરાશાના સમાચારો, એ સાથે સાથે પુરી અર્થ વ્યવસ્થા ઉપર મોટા પ્રશ્નો અને હવે તો ભારતના પોતાના જ નિવેશકોને સરકાર ની નીતિઓ ઉપર વિશ્વાષ ઉડી જતો હોય તેમ નઝર આવે છે. આમ જોવા જાવ તો તો આવી સ્થિતિ તો કોઈ પણ વિરુદ્ધ પક્ષ માટે તો એક સોનાની ઘઢી ની જેમ ગણાય, જુવોને આ મોદીસાહેબે જયારે તેઓ સીએમ હતા ત્યારે ૨૦૧૩ અને ૨૦૧૪ દરમયાન આવી સ્થિતિનો પુરે પૂરો રાજકીય લાભ લીધો હતો કે નહિ? પણ અહીં કોંગ્રેસ માટે તો જયારે હવે આવતી ચૂંટણીના ફક્ત ચારેક વર્ષો જ બાકી છે તે પેહલા તો પોતાનાજ ગઢમાં ગાબડાં પડવા માંડયા હોતા જણાય છે.

એવું નથી કે તેમની પાસે કાબેલ માણસો નથી પણ જેમ પેહલા જમાનામાં રાજાઓ બીજા રાજ્યમાં 'ટ્રોઝન હોર્સ' થિયરી વાપરતા જેમાં તેમના ભેદીને સામાવાળા રાજાની નજીક એક વિશ્વાસુ તરીકે બેસાડી દેતા અને તેઓ રાજાને ખોટી સલાહ આપતા અને સાથે સાથે સેનામાં પણ આંતરિક મડાગાંઠ કામે લગાવી દેતા. જેટલા હમણાં કોન્ગ્રેમાંથી કૂદી ભાજપમાં જોડાયા છે તે પ્રમાણે આ સ્કીમ ખુબજ ચલાવી હોઈ તેમ લાગે છે. ખાસ કરી ઘણા સંઘી પરિવાર વાળા લોકોને કોંગ્રેસની આંતરિક કલેશ માટે ફક્ત ગાંધી પરિવાર , અને તેમાંય સોનિયા અને રાહુલ ને માથે છાણાં થાપી વંશવાદ અને બ્રષ્ટાચાર તરફ આંગળી કરતા સાંભળવા મલેશે. પણ હકીકત માં ભાજપ માં પણ એટલાજ નેતાતો છે જેમના સગાવ્હાલાઓ ને પણ રાજકીય સત્તાની ચાદર નીચે સહારો આવામાં આવેલો છે અને તેમની પોલીટીકલ કેરિયર પણ બનવાઈ છે. જયાં સુધી બ્રષ્ટાચાર ની વાત છે તો હકીકત માં જે કોઈ કોંગ્રેસી કે ક્રિમિનલ જયારે ભાજપાના રાજકીય વહેણો માંથી તારી આ પર આવીજાય તો તેને એક પવિત્ર અને શુદ્ધ થઈ ગાયનું પ્રેમ પાત્ર આપોઆપ મળી જાય છે. આટલું તો હવે શાળામાં જતાં નાના છોકરાં પણ માનતા થઈ ગયા છે.

અતિયારે ભાજપામાં માનનીય અડવાણી જી અને મુરલીજી જેવા કેટલા નેતાઓછે તેમને પોતાને માનમાંજ ખબર છે કે સત્તાની સામે બોલવું તેમની સલામતી માટે કેટલું જોખમ વાળું હોઈ શકે. માટે પગચંપી તો બધે જ ચાલતી હોય છે અને તે સ્વાભિવિક પણ ગણાય કારણકે કોઈ પણ સત્તાની ગાદિ ઉપર બેઢેલાને તેની વિરુદ્ધ બોલે કે કઈક એવું કરે તો સખી લેવાની સુધબુધ ઓછી હોય છે. સત્તાના મદમાં કેટલીક વાર સહન શક્તિ ચ્ચી અને શક્તિ નો ખોટો ઉપયોગ કરનારા પોતાનમાં જ નિરાશા માં ઘેરાયેલા હોવાથી સતતઃ, ખુરસી જતી રહે તેની જ બીક માં રચ્યા પાચ્ય હોય છે. સાચું જોઈએ તો જો ખરેખર આ ગાંધી કુટુંબે ફક્ત ખાલી દસ ટકા જેટલિ પણ મોદી-શાહ વાળી નીતિ અપનાવી હોત તો આ બધા કાવસીયા ઓ નેતો કયારના સીધા દોર કરી નાખ્યા હોત, તેની નવાઈ નો હોત. અત્રે યાદ હશે કે ઇન્દિરા ગાંધીએ આંખમીચીને જૂની કોંગ્રેસ સાથે છેડો ફાડી નાખ્યો હતો. એક કેહવત છે કે રાજકારણ માં માયકાંગલા માટે કોઈ જગ્યા નથી કેમકે ત્યાં તો મારે તેની તલવાર ચાલતિ હોઈયે છે .

એજ રીતે હિન્દુત્વ, જે એક રાજકીય વિચારધારા તેનો ઉલ્લખ ૧૮૭૦માં બંકિમચંદ્ર બાસુની તેમની એક નોવેલ, જેનું શીર્ષક હિન્દુત્વ હતું તેમાં કરેલો પછી, કેટલા વર્ષો પછી ગોલવલકર અને સાવરકરે ૧૯૩૦ના દસકામાં, જયારે બ્રિટિશ સરકાર સાથે કોંગ્રેસે બંધારણ સમિતિની રચના કરવાની વાતચીત શરુ કરી તે દરમ્યાન ઉઠાવી હતી. પછી તેમની પીપુડી ફક્ત સંઘ અને હિન્દૂ વિશ્વ પરિષદ વેવી સંસ્થાઓ વચ્ચે જ વાગતી રહી ગઈ. પછી જયારે બાજપાઈજી સત્તા ઉપર આવ્યા એ આની આની આડમાં પોતાનું વાર્ચસ્વ વધારી શકાય હતા. પણ દેશ વ્યવસ્થા ઉપર ધ્યાન ઓછું અને હિન્દુત્વ પર વધારે તેથી હૈરીગયા. આમ જોવા જાવ તો ૧૯૭૦ પછી હિંદુત્વના આધાર ઉપરની રાજકીય વિચારધારા ને વધારે પ્રોત્સાહન મળ્યું અને પછી મોદીજીના ચીફ મિનિસ્ટર બન્યા પછી આને વધરે મહત્વતા અને વેગ પાયો હતો. ગુજરાતને એક મોડલ તરીકે બનાવાયું. ૨૦૧૪ પછી તો આ વિચારદધારાનો પ્રચાર માટે મોદી સરકારે મોટી માંહીમ ચાવી હતી. અહીં આ આપણે ને 'સિંગર, નોટ ધ સોન્ગ' ફિલ્મ ની યાદ અપાવે છે. જેમાં ધર્મ કરતા ધર્મ પ્રચારક ની મહત્તા વધારે છે એના ઉપર ભાર મુક્યો હતો. જેમ, એક ગયનની મહત્વતા ગાયક પાર આધારિત હોઈ છે. જાણે કે હે મેરે વતન કે લોગો નું ગીત જયારે લતા મંગેશકરે તેમન સુંદર કંઠસુરે ગયું હતું તેથી તે પ્રખ્યાત થઈ ગયું, મેં કે તમે આ ગયું હોત તો સાંભળનારા તો ખુરસીઓ પણ લઈને ઘરે જતા રહ્યાં હોત. માટે મોદી આમ જોવા જાવ તો ખરે ખાર આ સંઘ અને હિન્દૂ મહાસભા જેવી સંસ્થોઓ માટે એક સિંગર બની અને પૂજાશે. જો આ હિન્દુત્વ એજન્ડાનું રાજકારણ ભારતમાં કોમી વાવાજોડુ ઉભુંકરશે અને સેક્યુલર બંધારણ ને હિન્દુત્વ માં બદલાલઈ હવે એક જ ભારતમાં બે ભારત થાય અને સાથે અર્થવ્યવસ્થા માં મૉટે ભાગે પરદેશીઓની જ મોટી ભાગીદારી હેઠળ જશે અને તેમને આધીન થઈ ચલાવશે તો ભારત માટે એક શ્રાપ તરીકે સ્થપિત થાય તો નવાઈ નહિ. હજુ સુધી ભારતમાં આમ જનતા ને તો ફક્ત રામરાજય અને અચ્છે દીનના સ્વપ્નો દેખાડી સાતમા વાદળ પર ઉડતા કાર્ય છે, પણ જયારે બંધારણ બદલી હિન્દૂરાષ્ટ્ર બને તો આંતરિક અને બહારની દુનિયાના પ્રવાહો તેને કેટલા વિખોળી નાખશે તેની કલ્પના જ નથી. જર્મનીમાં નાઝી પાર્ટીએ 'આર્યન' કોમ માટે એક રાષ્ટ્ર બંનાવ ના પરિણામો તે તો જગ જાહેર છે. અહીં હવે એક દેશમાં જ બે દેશ કેવીરીતે થશે તેની કલ્પન તો ગુરુ ગોલવલકરે પોતાના પુસ્તકમાં કરી હતી. ચાલો જવા દોને એ વાત, આપણે ક્યાં કોઈની નારાજગી વોહરવી છે?

હિન્દુત્વ વિચારધારા - **Ideology** ની સામે ટક્કરમાં રાજીવ ગાંધીના પછીના કોંગ્રેસના પક્ષના નેતાઓ, કોંગ્રેસની પોતાની વિચારધારા નું માળખું જનતાની સામે રજુ કરવામાં નબળું પડતો ગયું જાણતો હતું. રાહુલ ગાંધી એ સાચું જ કહ્યું છે કે આ એક વિચધારાની લઢાઈ છે. મોટાભાગના નેતાઓ પણ સાપ ગયા અને લિસોટા રહી ગયાની જેમ કોગ્રેસમાં ખુરસીઓની ખેંચ તાણમાં પોતાની પાર્ટીની સેક્યુલર વિચારધારાની સમજણ જનતા સુધી પોહ્ચાડવાના રસ્તા શોધી ન શક્યું અને વચ્ચે હિન્દુત્વવાળા બાજી મારી ગયા તેની તેમને ગંધ પણ ના ગઈ હોઈ તેમ લાગેછે . પણ જયારે જયારે રાજકારણમાં એક સુનામી આવે છે ત્યારે પાણી -પૈસા અને પાવનનુ - પ્રચારનું જોર જ ચાલતું હોય છે. અને આ શક્તિ કયારે એક ભારે અને ભયાનક નુકશાની કરી જાય છે તેનેય કોઈને કલ્પના પણ નથી હોતી. હિટલર જેવી સુનામી સામે છેવટે આખી દુનિયાની શક્તિઓએ ભેગા થઈને બાથ ભીડવી પડી હતી અને જાપાનની સુનામી ને રોકવા છેવટે તેના ઉપર અણુશક્તિ નો ઉપયોગ કરવો પડ્યો હતો. ઈતિહાસ ગવાહ છે. જયારે કોઈ રાજકીયપક્ષ સત્તા ઉપર આવે ત્યારે તેની પોતાના પક્ષની સ્થિરતા અને આંતરિક વ્યવસ્થાને મજબૂત પેહલી કરવામાં રહે છે. મોદી-શાહ માટે ભાજપનું મુળ કરોડ રજ્જુ તો રાષ્ટ્રીય સેવા સંગ જ હતું અને છે જ. તેની મજબૂતી અને સેવકો ઉપરની તેની પક્કડ સામે કોંગ્રેસ ધારે તો પણ કોઈ બરાબરી કરી શકે તેની શક્યતા જ નથી. ખાસકરીને બે વાત આમાં મોટી કામ કરી ગઈ લાગે છે. એક તો આ મોદી-શાહની જોડી અને તેમની એન-કેન-પ્રકારેન કરીને ભાજપની નાણાકીય શક્તિ ખુબજ સશક્ત કરી નાખી અને બીજી અગત્યની સ્ટ્રેટેજી એ હતી કે મીડિયા પ્રચારનું માધ્યમ નેમણે પુરેપૂરું ખરીદી, ધમકાવી અને દબાણવા કરી તેમના પુરા કંટોલમાં લાવી પ્રચાર માટેનું એક સાધન તૈયાર કરી લીધું. આને લીધે કોંગ્રેસના બંને હાથના કાંડા કાપી લીધા કહેવાય. જાનતા પાસે પોંહચવાનું કોઈ માધ્યમજ ન રહ્યું. સાથે સાથે વોટસઅપ નું એક મોટું લશ્કર તૈયાર કરી કોંગ્રેસ ને બરબાદ અને રાહુલ, સોનિયા ને નેહરુને બદનામ કરવાના નવાનવા પ્રચારો નો ઉપયોગ કરાયો. અન્ના હઝારેના આંદોલને કોંગ્રેસની નબળાઈઓ ઉઘાડી પડી દીધી, પણ કોંગ્રેસે તો પણ આ માર પેચી પણ ૨૦૧૯ના ચુનાવ સુધીમાં કોઈ પણ સુધારો કરવામાં નિષ્ફળ થવા માંડી હતી. ધીમે ધીમે અડવાણીજી, બાજપાઈજી અને બીજાના પફોટા પણ પોસ્ટરો પરથી ઉડી, ફક્ત એકજ વ્યક્તિના દેખાવા માંડ્ય. એટલે, જીસ્કી લાઠી ઉસકી ભેંસ રાજ્ય ની શરૂઆત સામે કોંગ્રેસ પણ એક 'લૂલો' પક્ષ બની રહી ગયો.

કોઈ એ મનમાં ખાંડ ખાવા જેવી વાત નથી, કારણકે રાજકારણની ગંદકીની ગંધ થી કોઈ બચી શકતું નથી. ધારોકે કોઈ સંજોગોમાં જો મોદી સાહેબ સત્તા ઉપર નહિ રહે તો ભા.જ.પમાં પણ બખેડા થાય અને વિખરાતા વાર નહિ લાગે કારણકે, મેં આગળ લખ્યું છે કે સિંગર, નોટ સોન્ગ, અગત્યનો છે. ભાજપને આવી મોદી-શાહની અનમોલ જોડી ભાવીષ્ય માં મેળવી મુશ્કેલ થશે. રાજકારણમાં કેહવત છે કે ઘર ફૂટે ઘર જાય એવાત ઈતિહાસમાં કાયમ દોહરાઈ છે, અને ભજપમાં અમિત શાહ એક ખુબજ ચતુર અને કુશળ સ્ટ્રેટેજીસ્ટ રાજકારણીય મનાય છે. તેની કાબિલિયત ની કિંમત ભાજપ ધીમે ધીમે સમજતો જાય છે, પણ જયારે તે વાઘની જેમ તેના નોહર બહાર કાઢે છે તો બહુ જ ચાલાકીથી ભાલ ભલાને છોલાટિ પણ નાખે તેમ છે.

આવી એક બ્રિટનમાં બ્લેર અને બ્રાઉન ની જોડી એ લેબર પક્ષ ને ને ફરી પાછો જીતાડી તેમની સરકાર લમ્બો સમય ચાલવી હતી. આવી જ જોડી હતી પણ પછી આ રાજકીય પશુઓમાં પડી તરાડ જયારે ગોર્ડન બ્રાઉને માંગણી કરી કે હવે તેનો વારો વડા પ્રધાન બનવાનો છે. પડતી શરુ થઈ ગઈ. સીઝર નો ખાસ માણસ બ્રુટ્સ હતો, પણ જયારે પોતાના જ માણસોએ તેને ખંજર ભોંક્યું ત્યારે તેને સિઝર ને કેહવું પડ્યું;' યુ ટૂ બ્રુટસ'- તો તું પણ બ્રુટસ? કારણકે બ્રુટ્સે છેલ્લો ઘા કરી સીઝર ને ખલાસ કરી દીધો હતો. ચાલો, પણ આ બધી તો પાયા વગર ની અટકળો ગણાય. માટે કમનસીબે છેલ્લા દસ્કા નો સમય કોંગ્રેસ પાર્ટીના આંતરિક ઢાંચા ની બાબતમાં તદન બરબાદ થયો ગણી શકાય, પણ આખરે તો નસીબ ના જ ખેલ છે. રાજકારણમાં કોઈ દુશ્મન કે મિત્ર હોતું, બદધા સોદાગરો સત્તા માટેના હોઈ છે.

પણ મારી દષ્ટિએ રાજકારણ કોઈનું સગું હોતું નથી. અને તેમાં જેને ઉપર જવાની સીડી ઉપર ચઢવું હોઈ તેને બીજાને ખભે પગમૂકી નેજ ઉપર જવાની ટેવ પાડવી પડે છે. પછી મોર કે ઢલ ની સાથે બેસી ક્યાંતો ફોટા પડવો કે કોઈ ગુફામાં બેસી યોગા કરો, જે કઈ પુબ્લીકની વોટ માટે , માર્કેટિંગ એક્સપર્ટસ પછી જે સલાહ આપે તેમ કરવુ પણ પડે છે. સમય ને સંજોગો અનુકૂળ હોય તો પછીજ નેતાને નસીબ સાથ દે છે. અગ્નિ પરીક્ષોમાંથી તો બધાનેજ પસાર થવા મજબૂર કરવામાં આવેછે. ગમે તેટલું માર્કેટીંગ કરો કે ઈતિહાસ લખાવવા પ્રયત્નો કરો પણ એક વાત તો સાચી લાગશે, કે જયારે ભવિષ્યની પેઢી ઈતિહાસના પાનાં વર્ષો પછી ખોલી નિરીક્ષણ કરશે ત્યારે સત્ય તો સામે આવી જ છે જ.

ગમે તેમ કહો, મારી દષ્ટિએ કોંગ્રેસ પાસે તો હવે ફક્ત ૧૮ મહિનાથી પણ ઓછો સમય છે જેમાં તેમની તૂટેલી નૈયાને થીંગડામારી તરવા લાયક કરવા કૈક કરે! કારણકે, એમ કહેવાય છે કે, પછી તો ચૂંટણી નો એક નવો મોહલ સારું થતા ખુરસીઓને માટે કુસ્તી પ્રકરણ શરુ થશે. અને રામ મંદિર પછી ના રાજકીય વહેણમાં સાહેબ એક સવારી લઈ ભાલભલાને પાણી ભરાવી દે તો નવાઈ નથી. રાહુલ, સોનિયા અને હવે પ્રિયંકા ગાંધીએ પોતાની રાજકીય સોનની જાળ પાણીમાં નાખી છેલ્લો દાવ નાખવા ફક્ત આવતા છ મહિના જ બચ્યા છે, પછી તો નાગ પાસે નાહવાનું કે નીચોવાનું શું એવી પરિસ્થિતિ આવી રહે તો કોઈએ રોદણાં રડવા નહિ!

જો હિન્દુત્વની સામે સેક્યુલર ની પારીભાષજ લોકોને સમજાવી નહિ શકો તો બાકીનો તો ઈતિહાસ બની ને જ રેહશે ને?

કોઈ ખોટું લગાડ શો નહિ, કેટલીક ના કેહવાની વાત કહી હોય તો એમ ના કેહતા કે જોવોને આવું કહેછે!

બુદ્ધદેવ પંડ્યા.,યુનાઈટેડ યુનાઈટેડ.. યુકે

# અરવલ્લીના ધનસુરા ખાતે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત ખેડૂત જાગૃતત્તા કાર્યક્રમ યોજાયો

સમગ્ર રાજયવ્યાપી આરંભાયેલા મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ખેડૂત જાગૃતત્તા અને માર્ગદર્શક કાર્યક્રમ ઉર્જામંત્રી શ્રી સૌરભાઇ પટેલની અધ્યક્ષતામાં ધનસુરા માર્કેટયાર્ડ ખાતે યોજાયો હતો. ખેડૂતોને સંબોધતા ઉર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં ત્રિ-દિવસીય મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત ખેડૂતોને માર્ગદર્શન અને જાગૃત્તતા કાર્યક્રમ યોજાઇ રહ્યા છે અને કૃષિ ખેતીવાડી, બાગાયત અને પશુપાલનની કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવામાં આવી રહી છે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે, ખેડૂતોના હિતમાં સાત નક્કર કદમ સરકારે લીધા છે. જેમાં અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ અને કમોસસી વરસાદના સમયે ખેડૂતાના મોંધા મોલનું ઉપજ ન મળી શકે તેવા સમયે સરકાર તેમના પડખે રહીને તેમના પાકનું યોગ્ય વળતર મળે તે દિશામાં કામગીરી હાથ ધરી છે. તેમણે રાજય સરકાર દ્વારા કૃષકોના કલ્યાણમાં લેવાયેલા સાત પગલાની વાત કરતા જણાવ્યું હતું કે, સરકાર હવે દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન, જીવામૃત બનાવવા માટેની સહાય, કિસાન પરીવહન યોજના, ખેડૂતને સ્માર્ટ ટૂલ્સ સહાય, પાક સંગ્રહ માટે સ્ટ્રકચર યોજના, જળસંગ્રહ માટે ભૂર્ગભ ટાંકા બનાવવા સહાય તેમજ વિનામૂલ્યે છત્રી સહાયની સાત યોજના અમલી બનાવી છે. તેમણે કૃષિમાં આવેલા આમૂલ પરીવર્તનની વાત કરતા કહ્યુ હતુ કે, ૨૦ વર્ષ અગાઉ ખેતીની કુલ ઉપજ ૧૩૦૦ કરોડ હતી જે આજે વધીને ૧.૭૦ લાખ કરોડે પંહોચી તો ૩૫ લાખ હેકટરને સિંચાઇનો લાભ મળતો હતો જે વધીને ૭૫ લાખ હેકટરને સિંચાઇનો લાભ મળી રહ્યો છે. તેમણે ખેડૂતોને મળતા પાક ધિરાણની વાત કરતા ઉમેર્યુ હતુ કે, અગાઉના સમયે ૧૬ ટકા વ્યાજના દરે ખેડૂતોને પાક ધિરાણ અપાતુ હવે જે રાજય સરકાર અત્યારે વગર વ્યાજે પાક ધિરાણ ખેડૂતોને આપી રહી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની દૂરદર્શિતાથી આજે સરદાર સરોવર દરવાજાની ઉંચાઇ વધારતા ૩૫૦ કિ.મી કરતા વધુ લાંબી સૂજલામ-સૂફલામ નહેરોમાં નર્મદાના પાણી ઠલવાતા અરવલ્લીના કૂવા-તળાવ જીવંત બન્યા છે. સમગ્ર દેશમાં વિકાસના ગ્રોથ એન્જિન બનેલા ગુજરાતનો વિકાસ ખેડૂતો અને ઉધોગોને આભારી છે. ગુજરાતમાં કૃષિ મહોત્સવ થકી કૃષિમાં વૈવિધ્યકરણ અને નવીન પધ્ધતિઓથી ખેડૂતોના આવકમાં વધારો થયો આજે ઈઝરાયલ પધ્ધતિથી થતી ખેતીથી કપાસ અને મગફળીનું ઉત્પાદન વધ્યુ છે. જે સમગ્ર દેશના ઉત્પાદનમાં ૩૦ ટકા ગુજરાતનો ફાળો છે તો સમગ્ર દેશમાં દિવેલાનું ૯૫ ટકા ઉત્પાદન સાથે ગુજરાત અગ્રેસર છે. તેમણે અંબાજીથી ઉમરગામની આદિવાસીપટ્ટીમાં મહત્તમ સબસ્ટેશન ઉભા કરી ખેડૂતોને બળવત્ત બનાવવામાં આવશે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. કિસાન જાગૃતત્તા કાર્યક્રમમાં મંત્રી શ્રીના હસ્તે કૃષિ યોજના લાભાર્થીઓને મંજૂરી હુકમ તેમજ કિટ્સની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પૂર્વે તમામ ખેડૂતોનું હેલ્થ ચેકઅપ તેમજ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા સાસંદ શ્રી દિપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, મોડાસના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતી હેમલતાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી દિલીપસિંહ પરમાર, મહેન્દ્રભાઇ પટેલ, જિલ્લા કલેટકરશ્રી અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ ધામેલીયા, અગ્રણીશ્રી રણવીરસિંહ ડાભી, અતુલ બ્રહ્મભટ્ટ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી જે.આર.પટેલ, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી હિતેષ પટેલ, પ્રાંત અધિકારીશ્રી, સહિત તાલુકાના ખેડૂતો ઉપસ્થિત રહયા હતાં.

# શિણાવાડના ૧૭ વર્ષીય આશાસ્પદ યુવાનનું વીજ કરંટ લાગતા અકાળે અવસાન



મોટી ઈસરોલ, તા.૨૯

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના શિણાવાડ ગામે સત્તર વર્ષીય આશાસ્પદ યુવાનનું વીજ કરંટ લાગતા તેનું અકાળે અવસાન થતાં ગામ અને આસપાસના વિસ્તારોમાં ભારે શોકની કાલીમા છવાઈ ગઈ છે. હજુ આ વર્ષે જ શિણાવાડનો નયનકુમાર મુકેશભાઇ પટેલ એસ.એસ.સી.પરીક્ષામાં ઉંચા ગુણથી ઉત્તીર્ણ થતા ડિપ્લોમા મિકેનિકલમાં પ્રવેશ માટેની પ્રક્રિયા ચાલુ હતી દરમિયાન

કોરોના વાયરસના સંક્રમણને લઈ શાળા-કોલેજો બંધ હોઈ અને હજુ નવું સત્ર ચાલુ થયું ન હોય એ પોતાના ઘરે રહી નવા બની રહેલા મકાનમાં મદદરૂપ થઇ રહ્યો હતો ત્યાં ઘર આગળના સ્વીચ બોર્ડ માં પ્લગમાં વાયર નાખતા વેળાએ એકાએક વીજ કરંટનો જીવલેણ ઝટકો આવતા એ નીચે આરસીસીની ફરસ ઉપર પટકાઈ પડતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.. આ આશા સ્પદ નવ યુવાનના અકાળે દુઃખદ અવસાનથી શિણાવાડ તેમજ આજુબાજુના ગામોમાં શોક ની લાગણી વ્યાપી ગઇ છે!!

# સાહિત્ય સરિતા

કોઈ વેદ,પુરાણ,ગીતા,રામાયણ,મહાભારત ન વાંચો તો વાંધો નહિ પણ એકવાર "શરીરશા્ત્ર"નો અભ્યાસ કરવો એ વેદ-પુરાણ વાંચ્યા બરાબર જ છે.

(વૈજ્ઞાનિકો માનવ શરીરને જાણી શા માટે અચંબો પામી રહ્યા છે)

**માનવ શરીર અદ્ભૂત છે**

**મજબૂત ફેફસા**

આપણા ફેફસાં દરરોજ ૨૦ લાખ લિટર હવાને ફિલ્ટર કરે છે. આપણને એનો અંદેશો પણ નથી આવતો. જો ફેફસાંને ખેંચવામાં આવે, તો તે ટેનિસ કોર્ટના એક હિસ્સાને આવરી લેશે.

**આવી કોઇ ફેક્ટરી નથી**

આપણું શરીર દર સેકન્ડે ૨૫ કરોડ નવા સેલ બનાવે છે. વળી દરરોજ ૨૦૦ અબજથી વધુ રક્ત કોશિકાઓ ઉત્પન્ન થાય છે. દર વખતે શરીરમાં ૨૫૦૦ અબજ રક્ત કોષો હોય છે. લોહીના એક ટીપામાં ૨૫ કરોડ કોશિકાઓ છે.

**લાખો કિલોમીટર મુસાફરી**

માનવ રક્ત દરરોજ શરીરમાં ૧,૯૨,૦૦૦ કિલોમીટર મુસાફરી કરે છે. આપણા શરીરમાં સરેરાશ ૫.૬ લિટર લોહી છે, જે દર ૨૦ સેકંડે એકવાર સમગ્ર શરીરમાં ફરી લે છે.

**ધબકારા**

તંદુરસ્ત વ્યક્તિનું હૃદય દરરોજ ૧૦૦,૦૦૦ વખત ધબકે છે. તે વર્ષમાં ૩૦ કરોડકરતાં વધુ વખત ધડકી ચૂક્યું હોય છે. હૃદયના પંમ્પિંગનું દબાણ એટલું વધારે હોય છે કે તે લોહીને ૩૦ ફુટ જેટલું ઉપર ઉછાળી શકે છે.

**બધા કેમેરા અને દૂરબીન નિષ્ફળ**

માનવ આંખ એક કરોડ રંગો વચ્ચેનો બારીકમાં બારીક તફાવત પારખી શકે છે. હાલમાં વિશ્વમાં એવું કોઈ મશીન નથી જે તેની સાથે સ્પર્ધા કરી શકે.

**નાકમાં એર કંડિશનર**

આપણા નાકમાં કુદરતી એર કન્ડીશનર છે. તે ઠંડી હવાને ગરમ અને ગરમ ??હવાને ઠંડી કરી ફેફસાંમાં જવા દે છે. કલાક દીઠ ૪૦૦ કિ.મી. ની ગતિ ચેતાતંત્ર શરીરના બાકી હિસ્સામાં કલાકના ૪૦૦ કિલોમીટરની ઝડપે જરૂરી સૂચનાઓનું પ્રસારણ કરે છે. માનવ મગજમાં ૧૦૦ અબજ કરતાં વધુ નર્વ સેલ્સ છે.

**જબરદસ્ત મિશ્રણ**

શરીરમાં ૭૦ ટકા પાણી છે. આ ઉપરાંત મોટા પ્રમાણમાં કાર્બન, જસત, કોબાલ્ટ, કેલ્શિયમ, મેગ્નેશિયમ,ફોસ્ફેટ, નિકલ અને સિલિકોન છે.

**અજબ છીંક**

છીંકતી વખતે બહાર ફેંકાતી હવાની ઝડપ પ્રતિ કલાક ૧૬૬ થી ૩૦૦ કિલોમીટર સુધી હોઈ શકે છે. ખુલ્લી આંખે છીંકવું અશક્ય છે.

**બેક્ટેરિયાનું ગોદામ**

માનવ શરીરનું ૧૦ ટકા વજન એમાં રહેલા બેક્ટેરિયાને કારણે છે. એક ચોરસ ઇંચ ત્વચામાં ૩.૨ કરોડ બેક્ટેરિયા હોય છે.

**ઇએનટીનું વિચિત્ર વિશ્વ**

આંખો બાળપણમાં જ પુરેપુરી વિકસી ચૂકે છે, બાદમાં તેમાં કોઈ વિકાસ થતો નથી. જ્યારે નાક અને કાનનો વિકાસ સમગ્ર જીવન પર્યંત ચાલુ રહે છે. કાન લાખો અવાજોમાં ભેદ પારખી શકે છે. કાન ૧,૦૦૦ થી ૫૦,૦૦૦ હર્ટ્ઝ વચ્ચેનાં અવાજનાં મોજા સાંભળી શકે છે.

**દાંતની કાળજી લો**

માનવ દાંત શીલા જેવા મજબૂત છે. પરંતુ શરીરના અન્ય ભાગો પોતાની કાળજી પોતે જ લે છે, જ્યારે દાંત બીમાર થયા પછી પોતાને સુધારવા માટે સક્ષમ નથી.

**મોંમાં ભીનાશ**

માનવ મોંમાં દરરોજ ૧.૭ લિટર લાળ બને છે. લાળ ખોરાકનું પાચન કરે છે તે ઉપરાંત જીભમાં રહેલી ૧૦,૦૦૦ કરતાં વધુ સ્વાદ ગ્રંથિઓને ભેજવાળી રાખે છે.

**પલક ઝપકતાં**

વૈજ્ઞાનિકો માને છે કે પલક ઝપકવાથી આંખોનો પરસેવો બહાર નીકળે છે અને તેમાં ભીનાશ જળવાઇ રહે છે. પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓ બમણી વાર પલક ઝપકાવે છે.

**નખની કમાલ**

અંગૂઠાના નખ સૌથી ધીરે ધીરે વધે છે. જ્યારે મધ્યમ આંગળીના નખ સૌથી વધુ ઝડપે વધે છે.

**દાઢીના વાળ**

પુરુષોમાં દાઢીના વાળ સૌથી ઝડપી વધે છે. જો કોઈ વ્યક્તિ આખું જીવન દાઢી ના કરે તો એની દાઢી ૩૦ ફુટ લાંબી હોઈ શકે છે.

**ખોરાકનું ગણિત**

વ્યક્તિ સામાન્ય રીતે ખાવા પાછળ પાંચ વર્ષની જિંદગી ખર્ચે છે. જીવનપર્યંત આપણે આપણા વજન કરતાં ૭,૦૦૦ ગણો વધારે ખોરાક ખાધો હોય છે.

**વાળ ખરવાની પરેશાની**

એક તંદુરસ્ત માણસના માથામાંથી દરરોજ ૮૦ વાળ ખરતા હોય છે.

**ડ્રીમ વર્લ્ડ**

બાળક દુનિયામાં આવે તે પહેલા પણ એટલે કે માતાના ગર્ભાશયમાં જ સ્વપ્ન જોવાનું શરૂ કરે છે. વસંતઋતુમાં બાળક ઝડપથી વિકાસ પામે છે.

**ઊંઘનું મહત્વ**

ઊંઘ દરમિયાન માણસની ઉર્જા બળે છે. મગજ મહત્વપૂર્ણ માહિતીનો સંગ્રહ કરે છે. શરીરને આરામ મળે છે અને સમારકામનું કામ પણ થાય છે. ઊંઘ દરમિયાન જ શારીરિક વિકાસ માટે જરુરી હોર્મોન્સ મુક્ત થતા હોય છે.

તેથી તમારા કિંમતી શરીરનું ઓછું મૂલ્યાંકન કરશો મા માંટે ભગવાન ને દિવસ માં ૩વાર અચૂક યાદ (આભાર પ્રગટ કરશો )કરશો સવારે ઉઠી ને ,જમતી વખતે અને રાતે સૂતી વખતે

---

"દિકરીમા દિકરાના દર્શન કરો"-

-કુળની દિકરી જો બનશે વીરાંગના-
-ભાવી આપસે આપણને સંસ્કારના-
-દિકરા પાકશે મહારાણા જેવાં-
-ફરી સંસ્કાર દેખાશે ક્ષાત્રવટના-
-દિકરી બને જો જીજામા પાછા-
-શીવાજી ઉતરે ઘર-ઘર હિંદુના-
-ભારતની દિકરી બનશે ક્ષત્રાણી-
-દિકરાને સંસ્કાર મળે જ્ઞાન ના-
-દિકરા નાં દર્શન કરો દિકરી માં-
-તો દર્શન થાય ચાર ધામ તીર્થના-

-"સંઘાર વર્ષાબેન દેવજીભાઈ ગાલા'પલક'"-
"ગામઃ- બિદડા. તાલુકોઃ- માંડવી. જલ્લોઃ- કચ્છ"

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.




**બાળવાર્તા નં ૫**

**વાણીએ વર્તાય સંસ્કાર**

પાઠશાળાની બહાર રમણમોચી બેસે. શાળામાં તો કેન્વાસના બૂટ પહેરવાના હોય.ચંપલ તો હોય જ નહિ. એકવાર એક છોકરાને થયું લાવ પૂછું કે શાળાની બહાર તો કોઈ જ ઘરાક મળે નહિ તો તેઓ અહીં કેમ બેસે છે.

રમણમોચી પાસે તે ગયો ને પૂછ્યું કે,"કાકા અહીં તો તમને ઘરાક મળે નહિ,તો તમે કેમ અહીં બેસો છો?"

રમણ મોચીએ કહ્યું ,"બેટા બધા બાળકોને જોઈ મને ખૂબ જ આનંદ થાય છે,મને મારા બાળકો યાદ આવી જાય છે."

"તમારા બાળકો?કેમ તેઓ તમારી સાથે નથી રહેતા?"બાળકે જરા ઉત્સુકતાથી પૂછ્યું .

રમણમોચીએ કહ્યું ,"ના બેટા તેઓ તો મારા ગામમાં રહે છે,હું અહીં રોજીરોટી કમાઉ ને ગામમાં મોકલું ને તેઓ ભણે ગણેને માને મદદ કરે."

બાળકતો વિચારતો થયો અહીં અમે બધા બાળકો માતાપિતા સાથે રહીએ અને? આ બિચારા કાકા એકલા . એણે તો પ્રશ્નો સાથે ઘરની વાટ પકડી.ઘરે જઈ જોયું તો મા તો જુના કપડાં , બૂટ,ચંપલ અને વાર્તાની ચોપડીઓ ,નોટોના ઢગલા કરી બેઠી હતી .બાળક જેનું નામ ઋષિ હતું .સ્વભાવે સાલસ , ક્યારેય મોટા અવાજે બોલવું નહિ. સમયસર અભ્યાસ કરવો અને શિક્ષકનો પ્રિય હતો. મિત્રો વધુ શત્રુ ઓછા હતા.

તેણે માને કહ્યું ,"તમે આ ન કાઢો તો સારૂ,મારે મારા મોચીકાકાને તેમના બાળકો માટે આપવું છે."

મા તો ખરેખર ખુશ થઈ.બીજે દિવસે શાળાએ જતા તેણે ડ્રાયવરને આ બધું ગાડીમાં મૂકી સાથે લઈ લેવા કહ્યું .મોચી સાધુ માણસ તે ક્યારેય કોઈની પાસે હાથ લાંબો ન કરે.

ઋષિએ શાળા નજીક આવતા મોચીને બતાવી ને
પોટલું આપી દેવાનું કહ્યું .શાળાએ થી છૂટ્યો તો પોટલું તો ગાડીમાંજ હતું .

ડ્રાયવર ને પૂછ્યું તો તેણે કહ્યું કે,"એ માણસે તો તેનો અસ્વીકાર કર્યો."

ઋષિને લાગ્યું કે તે કદાચ ભીખ નહિ સ્વીકારતા હોય. બીજા દિવસે તેણે સાથે તેના દાઇમાને લીધા જે તેની સંભાળ લેતા.

તેમને કહ્યું ,"તમે આપી આવજો."પછી ડ્રાયવર તમને ઘરે મૂકી આવશે.સાંજે શાળા પછી જોયું તો પોટલું તો ત્યાંજ છે. હવે ઋષિને થયું કે નક્કી જ મોચીકાકા ઘમંડી લાગે છે.

ત્રીજે દિવસે ઋષિએ નક્કી કર્યું કે તે જાતે જઈ ને આપી આવશે.

ડ્રાયવરને કહ્યું કે ,"તે શાળા છૂટ્યા પછી જાતે જ જશે."

ડ્રાયવરે સમજાવ્યો કે,"ઋષિ ,બાબા રહેવા દો તે અભિમાની કરતા ,આપણે બીજાને આવશું ."

ઋષિને જાણવું હતું કે "તેઓ એ અસ્વીકાર કેમ કર્યો?"

તે શાળા છૂટ્યા પછી મોચીકાકા પાસે પોટલું લઈ ગયો.મોચીકાકા સામે એમના ઓટલા પર સામે બેઠો.

બે હાથ જોડી બોલ્યો,"મોચીકાકા તમે આ લઈલો ,હું તમારા એટલે કે મારા જેવડા મારા ભાઈભાંડુ ને માટે લાવ્યો છું,તેમા ઘણાં તો નવાજ કપડાં છે.તમે કેમ અસ્વીકાર કરો છો?"

મોચી તો ગળગળો થઈ ગયો,તેણે પોટલું લઈ લીધું ને ઋષિને બે હાથ જોડી નમસ્કાર કર્યા. ,"ધન્યવાદ, અને આભાર "પણ કહ્યું .

અસ્વીકારનું કારણ જણાવતા તેણે કહ્યું,"તમારા ડ્રાયવરે મારી સામે પોટલું નાંખ્યું ને તોછડાઈથી કહ્યું,"એ બુઢ્ઢા આ પોટલું લે,અમારા નાના સાહેબ ઋષિબાબાએ તમને આપવા કહ્યું છે." "બેટા એની વાણી એટલી તોછડી હતી કે પોટલું લેતા મને હૈયે ભીખનો ભાવ જાગતો હતો.હુ સ્વમાનથી રોટલા રળવા વાળો,એ કેવી રીતે સ્વીકારૂ?

તમારી બાઈ આવી તેણે પોટલું ધીરે રહી મૂક્યું ને મને કહે,"આટલું શું અભિમાન.!અમારા ઋષિબાબા ખાસ તમારા માટે લાવ્યા ને તમે તેનો અસ્વીકાર કરો છો?હું તો તમને આપુજ નહિ,સાવ ભીખમંગા છો ને અહંકાર કરોછો?તેણીએ આપ્યું પ્રેમથી પણ વાણી ભાવશૂન્ય હતી.જ્યા દયાની ભાવના હોય તો હું તો સ્વમાનથી જીવવા વાળો ને મારા બાળકો મહેનતુ તો એ કેમ સ્વીકારું ?બેટા તારી વાણી મધુર ને આત્મીય હતી,તે મારા બાળકોને ભાઈભાંડુ કહ્યા.તારી વાણીમાં સંસ્કાર,કોમળતા ને મીઠાશ ભરી હતી.તો અસ્વીકાર પણ કેવી રીતે કરૂ?

ઋષિ ખુશ થયો.તેણે મનથી વિચાર્યું,"ગરીબ માણસને પણ સ્વમાન હોય.તેઓને નીચા માની અપમાનીત શબ્દોનો ઉપયોગ કેમ થાય?તેણે ઘરે જઈ માતા પિતા સામે ડ્રાયવર ને દાઈમાને સમજાવ્યા કે વાણીથી સંસ્કારે વર્તાય સભ્યપણુ ને મીઠીભાષા જ વાપરીને દિલ જીતાય.

બોલો બાળકો યાદ રાખશો ને સરળ ને મીઠી વાણીથી માણસના સંસ્કાર વર્તાય હમેશાં મીઠું બોલજો.

જયશ્રી પટેલ

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર"

"NG-0062"

"પ્રકાર- અંછાદસ"

"સંકટમાંથી ઉગારો સિદ્ધિ વિનાયકાય"
સર્વ પ્રથમ પુજિતાય ગણેશ કાર્તિકેય બાંધવાય,
હે! વિધ્નહર્તા વિધ્ન હરો પ્રભુ તમે વિધ્નહરાય.
એકદંતાય ગૌરીશંકર સુતાય નમસ્કારાય,
હે !વિધ્નહર્તા દેવ હે!ગણેશાય લંબોધરાય.
ભાલચંદ્રાય વિપત્તિ આવી છે હે ગણાધ્યક્ષાય,
વિકટ વેળાએ ઝટ પધારો સુમુખ વિનાયકાય.
ગજકર્ણાય અરજી સુણો-મુજની કપિલેશ્વરાય
ધુમ્રવર્ણાય વિપત્તિ ટાળી ઉગારો ગજાનનાય
હે!ધુમ્રકેતુ ગણપતિ રિધ્ધિ સિધ્ધિ ભરથારાય
શુભ-લાભને સંગ સંતોષીના પિતા પરમેશ્વરાય.

"સંઘાર વર્ષાબેન દેવજીભાઈ ગાલા'પલક'"
"ગામ બિદડા તાલુકો માંડવી જિલ્લો કચ્છ"

---

ન્યુઝ ઓફ ગાંધીનગર

NG- 0032

પ્રકાર- પદ્ય

શીર્ષક : ગણેશ

કંચન ભરેલો એક કળશ
માંહી આસોપાલવ સોહાય
પૂજા આજ ગણેશ ની થાય
કુમકુમ સાથિયા સોહાય
ગણેશ ને ગમતા પુષ્પો
પીળા કેસરી સોહાય
મંગળ ગીતડાં ગવાય
લાલ નાડાછડી સોહાય
આજ મારા ઘરઆંગણે
રુડો અવસર સોહાય
કંચન ભરેલો એક કળશ
માંહી આસોપાલવ સોહાય
પૂજા આજ ગણેશ ની થાય
કુમકુમ સાથિયા સોહાય.

મીના માંગરોલીયા મીનું
અમદાવાદ.

---

ન્યુઝ ઓફ ગાંધીનગર

N. G. NO - 0026

પદ્ય - ગઝલ--શ્રી ગણેશા

ગાલગાગા ૩

એક બસ તારો સહારો શ્રી ગણેશા!
આપ મારે ઘર પધારો શ્રી ગણેશા!
ઘોર છાયું ચો - તરફ અંધકાર જેવું!
આવી આતમબળ વધારો શ્રી ગણેશા!
ચારે બાજુ લોક થાયે લોહી પ્યાસા!
જોઈલો આવી નજારો શ્રી ગણેશા!
આજ મોટાં માનવીનાં ઢોલ બાજે!
ક્યાં હું વગાડું એકતારો શ્રી ગણેશા!
કેટલાં વરસો થી તુજને હું સ્થાપું!
આવજે તું એકધારો શ્રી ગણેશા!

અંજના ગાંધી "મૌનું"..વડોદરા

---

NG/0044

શીર્ષકઃ- ગણેશ

પ્રકારઃ- પદ્ય ( હાઈકુ )

૧. આવે ગણેશ
કરતા વિઘ્ન દૂર
આનંદાનદ.

૨. ગણેશ તેડું
પાવન અવસરે
કરું નમન.

૩. રૂડા પ્રસંગે
ગણેશજી પધારી
વિઘ્ન હરશે.

૪. ગણેશ આવે
રૂડા બાજઠ કેરાં
આસન દઉં.

૫. ગણેશ કેરી
કરું ભક્તિ પ્રેમથી
આનંદાનદ.

૬. ચઢાવું દુર્વા
ગણેશ થાય રાજી
પામુ આશિષ.

૭. સહુનાં પ્રિય
ગણેશજી આવશે
મૂષકે ચઢી.

વિભૂતી દેસાઈ.બીલીમોરા

---

Ng :- 0038

વિભાગ ;- પદ્ય

શીર્ષક :-ગણેશજી

પહેલા ગણેશજી ને પછી પરમેશ્વર
ગણેશજી હોય તો રૂડા
મુરત જોવાય
કરાય લાલ ગુલાલ રે
મારા ગણેશજી દુંદાળા...!!
ગણેશજી દુંદાળા ને
મોટા પેટવાળા
શુભકામમાં પહેલા પૂજાય રે
મારા ગણેશજી દુંદાળા....!!
માબાપની સેવા એતો સમજાવે
રિધ્ધી સિદ્ધિના સ્વામી રે
મારા ગણેશજી દુંદાળા.....!!
ગજાનંદ કહી સૌ એમને બોલાવતા
સૌનું કલ્યાણ કરનારા રે
મારા ગણેશજી દુંદાળા....!!
શિવજીપાર્વતીજીના વ્હાલા ગણેશજી
ભક્તોને લાડ લડાવે રે
મારા ગણેશજી દુંદાળા...!!
ભક્તોના ઘરે એતો પ્રેમથી પધારતા
"શીલા"નો પોકાર સાંભળતા રે
મારા ગણેશજી દુંદાળા....!!

શીલા પટેલ...?? ગાંધીનગર

---

NG no : 0063

વિષય : ગણેશજી

પ્રકાર : પદ્ય

શિર્ષક : વિશિષ્ટ સ્વરૂપા (હાઇકુમાળા)

નામ : રીટા ભાયાણી

ગામ : મીઠાપુર

જગનિયંતા
અગ્રેસર સર્વદા,
ગણાધિપતિ.

મૃત્તિકામૂર્તિ
સર્વોચ્ચ રક્ષક,
ગૌરીસુતક.

બહુશ્રુતક
લઘુ મુખધારક,
ગજમસ્તક.

સુક્ષ્મદ્રાષ્ટક
દૂરંદેશી અતુલ્ય,
ગુણસંપન.

ચૌભૂજાધારી
અભ્યંકર કમલા,
સૂપકણેક.

લંબોદરાય
સાગર સમાહર્તા,
વિનાયકાય.

શુભકારક
રિધ્ધિ-સિદ્ધિ દેવાય,
ગણાધ્યક્ષાય.

# માણાવદર તાલુકાના ખેડૂતો કપાસ પાક વીમા બાબતે અવઢવમાં : વીમા કંપનીઓ સામે રોષ !!!



ગુજરાત માં દર વરસે અતિ ભારે વરસાદ પડે છે તેમાંય ઘેડ વિસ્તાર નો આકાર રકાબી જેવો હોવાથી ત્યાં ના ખેડૂતોના ખેતરોનુ મોટા પાયે ધોવાણ થતા વાવેલ પાક નષ્ટ થઈ જાય છે દરેક ખેડૂતો પોતાના પાકના સંરક્ષણ માટે મહેનત કરે છે છતા વરસાદી પાણી ખેતરોને ધોઈ નાખે છે

ધોવાઈ ગયેલ પાકના વળતર રૂપે ખેડૂતો પાકનો વીમો ઊતરાવે છે ને દર વર્ષે પ્રિમીયમ પણ ભરે છે પરંતુ સરકાર અને વીમા કંપની વચ્ચે સંકલન ના અભાવે ખેડૂતોને મળવા પાત્ર વીમાની રકમ વીમા કંપની ચૂકવતી નથી

સને ૨૦૧૮ મા પણ ખેડૂતોએ પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના હેઠળ પ્રિમીયમ ભર્યા હતા તેમા થયેલા સર્વે મુજબ પાકનું ૯૦ ટકા ધોવાણ દર્શાવેલ છે આ સર્વે આંકલન તે સમયે ૨૦ ખેતરોમાં કરવામાં આવેલ હતું

ખેડૂતોને ૯૦ ટકા વળતરને બદલે વીમા કંપનીએ માત્ર ૧૪ ટકા વીમો પાસ કરતા આ વિસ્તાર ના ખેડૂતો માં સરકાર સામે રોષ ફાટી નીકળ્યો છે

આ અંગે આજે જન આંદોલન સમિતિ ના પ્રમુખ યોગેશભાઇ સામતભાઇ હુંબલ તથા હાર્દિક લીબાણી , જય ભાટુ , વગેરે માણાવદર મામલતદાર ને આવેદનપત્ર પાઠવ્યું હતુ

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# ઓલ ઈન્ડિયા રીટેલ મોબાઈલ વેપારી એશો. દ્વારા રાજુભાઈ બોદર ની જૂનાગઢ જિલ્લાના પ્રતિનિધિ તરીકે વરણી

કેશોદ:(રાજુભાઈ પંડ્યા) કેશોદ મોબાઈલ એશોશીએશન અને કેશોદ શહેર વેપારી મંડળ નાં પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી વેપારીઓ ની સમસ્યાઓ ની અસરકારક રજૂઆત કરી સફળતા મેળવનાર રાજુભાઈ બોદર ની ઓલ ઈન્ડિયા મોબાઈલ રીટેલ એશોશીએશન માં જુનાગઢ જિલ્લાનાં પ્રતિનિધિ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.




જુનાગઢ જિલ્લા માં આવેલાં મોબાઈલ કંપની નાં ડિસ્ટ્રીબ્યુટર્સ અને રીટેલ વેપારીઓ ની મળેલી બેઠકમાં ઓલ ઈન્ડિયા મોબાઈલ રીટેલ એશોશીએશન માં જુનાગઢ જિલ્લાનાં પ્રતિનિધિ તરીકે નામ સુચવવા ચર્ચા કરવામાં આવતાં એકસુરે રાજુભાઈ બોદર નાં નામ પર સહમતી થતાં જાહેર કરી તાળીઓ પાડીને નિમણુંક ને વધાવવામાં આવી હતી. કેશોદ શહેર મોબાઈલ વેપારી એશોશીએશન નાં પ્રમુખ તરીકે રાજુભાઈ બોદર દ્વારા વિવિધ પ્રશ્નોની જવાબદાર તંત્ર સુધી રજુઆતો કરી હતી અને કેશોદ સ્ટેશન રોડ ને સીમેન્ટ રોડ બનાવવા તથા સ્ટ્રીટ લાઈટ લગાવવા રાજ્ય સરકાર સમક્ષ રજુઆતો કરવા ઉપરાંત આંદોલનાત્મક કાર્યક્રમ યોજીને સફળતા મેળવી કેશોદ શહેરમાં જબ્બર લોકચાહના ધરાવે છે. ઓલ ઈન્ડિયા મોબાઈલ રીટેલ એશોશીએશન માં જુનાગઢ જિલ્લાનાં પ્રતિનિધિ તરીકે રાજુભાઈ બોદર ની નિમણુંક કરવામાં આવતાં શુભેચ્છકો, મિત્રો, વેપારીઓ દ્વારા અભિનંદન ની વર્ષા થઈ રહી છે.

### બનાસ ડેરીનું સહકારી માળખું સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે :ડૉ.વલ્લભભાઈ કથીરિયા

# રાષ્ટ્રીય કામધેનુ આયોગના અધ્યક્ષશ્રી ડૉ.વલ્લભભાઈ કથીરિયાએ બનાસ ડેરી અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની મુલાકાત લીધી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

રાષ્ટ્રી ય કામધેનુ આયોગ, નવી દિલ્હીના રાષ્ટ્રી ય અધ્યક્ષશ્રી ડૉ.વલ્લભાઇ કથીરિયાએ બનાસકાંઠા જિલ્લાની એક દિવસની મુલાકાત દરમ્યાન એશીયાની નંબર વન બનાસ ડેરી અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. બનાસ ડેરીની મુલાકાત દરમ્યાન આયોગના અધ્યક્ષશ્રી ડૉ. વલ્લભભાઇ કથીરિયાએ બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઇ ચૌધરી સાથે યુ.એસ.ટી. પ્લારન્ટ, ચીઝ પ્લાન્ટ સહિત ડેરીના વિવિધ પ્લાન્ટોની મુલાકાત લઇ ડેરીના વિકાસની વિગતો મેળવી હતી.



પાલનપુર બનાસ ડેરી ખાતે યોજાયેલ બેઠકમાં આયોગના અધ્યક્ષશ્રી ડૉ. વલ્લભભાઇ કથીરિયાએ બનાસકાંઠા જિલ્લાની સહકારી પ્રવૃત્તિઓની સરાહના કરતાં જણાવ્યું કે, બનાસ ડેરીનું સહકારી માળખું સમગ્ર દેશ માટે રોલમોડેલ અને પ્રેરણારૂપ છે. તેમણે જણાવ્યું કે, આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના આત્મનિર્ભર ભારત અભિયાનને સફળ બનાવવામાં બનાસ ડેરીનું બહુ મહત્વનું યોગદાન છે.દેશી ગાયોના સંવર્ધન માટે કરવામાં આવી રહેલી ડેરીઓની પ્રવૃત્તિઓની તેમણે પ્રસંશા કરી હતી. તેમણે કહ્યું કે, બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઇ ચૌધરીના કર્તવ્યનિષ્ઠ અને વિઝનરી નેતૃત્વના કારણે બનાસ ડેરી ખુબ ઝડપથી પ્રગતિના સોપાનો સર કરી રહી છે. આયોગના અધ્યક્ષશ્રીએ ગૌશાળાઓ સાથે એમ.ઓ.યુ. કરવા અને ગોબર ગેસ પ્લારન્ટની સ્થાપના કરવા જણાવ્યું હતું. ગોબર અને ગૌમૂત્રમાંથી ખેડુતો પૂરક આવક મેળવી શકે તેવી વ્યવસ્થા વિકસાવવા પણ તેમણે કહ્યું હતું. ગાયના ગોબરમાંથી ગણેશજીની મૂર્તિ, કિચન અને નેમપ્લોટ બનાવીને મહિલાઓને આર્થિક પ્રવૃત્તિઓ તરફ વાળવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઇ ચૌધરીએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આંકાડાઓ સાથે બનાસ ડેરીની વિકાસયાત્રાની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સાથ અને સહકારથી દેશી ગાયોના સંવર્ધનનું કામ બનાસ ડેરી દ્વારા હાથ ધરવામાં આવ્યું છે તેમાં ખુબ સારી સફળતા પણ મળી છે. તેમણે કહ્યું કે, દેશમાં દેશી ગાયોની સંખ્યા ઘટી રહી છે તેવા સમયે બનાસકાંઠા જિલ્લામાં દેશી કાંકરેજી ગાયોની સંખ્યામાં વધારો થયો છે. ચેરમેનશ્રીએ કહ્યું કે, બનાસ ડેરી થકી ગાયનું સંવર્ધન હાથ ધરાતા હવે જિલ્લામાં ૨૬ લીટર દૂધ આપનારી દેશી ગાયો પણ ઉપલબ્ધ છે. બનાસ ડેરીની દૂધ સંપાદન ઉપરાંત બટકા પ્રોડક્ટ, હની (મધ) પ્લાન્ટ, બનાસનું નવરસ તેલ, બાયોગેસ પ્લાન્ટ, ૨૪૦ જેટલાં વેટર્નરી ડૉકટરો દ્વારા પુશઓને અપાતી સારવાર, પશુઓની ઓલાદ સુધારણા માટે સીમેન સેન્ટર, પશુઓના દાણ માટેના કેટલ પ્લાન્ટ, વૃક્ષારોપણ, બનાસ ડેરી સંચાલિત ૨૦૦ બેડની બનાસ મેડીકલ કોલેજ, દિયોદર તાલુકાના સણાદર ખાતે આકાર પામી રહેલા ડેરીના નવા પ્લાન્ટ સહિત ડેરી દ્વારા કરવામાં આવી રહેલી વિવિધ પ્રવૃત્તિઓની તેમણે વિગતવાર માહિતી આપી હતી.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની મુલાકાત પ્રસંગે આયોગના અધ્યક્ષશ્રી ડૉ. વલ્લભભાઇ કથીરિયાએ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરશ્રી ડૉ. આર. કે. પટેલ અને અધિકરીઓ સાથે બેઠક યોજી કૃષિ યુનિવર્સિટીના શિક્ષણ અને સંશોધન પ્રવૃત્તિઓની વિગતો મેળવી હતી. તેમણે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા કરાયેલ નવા સંશોધનો અંગેની પણ જાણકારી મેળવી યુનિવર્સિટીના કાર્યને બિરદાવ્યું હતું.

બનાસ ડેરીની મુલાકાત પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના સંસદ સભ્યશ્રી પરબતભાઇ પટેલ, ધારાસભ્યશ્રી કિર્તીસિંહ વાઘેલા, બનાસ ડેરીના વાઇસ ચેરમેનશ્રી માવજીભાઇ દેસાઇ, બનાસ બેંકના ચેરમેનશ્રી એમ.એલ.ચૌધરી, ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રી સર્વશ્રી અણદાભાઇ પટેલ, શ્રી પી.જે.ચૌધરી, શ્રી ભાવાજી રબારી, શ્રી ફલજીભાઇ પટેલ, એમ.ડી. શ્રી કામરાજભાઇ ચૌધરી સહિત ડેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# કેશોદમાં સુધરાઈ કર્મચારીઓને રેઈનકોટ વિતરણ કરવામાં આવ્યા

## નગરપાલિકા સફાઈ કામદારો રોશની વિભાગ કર્મચારીઓ પત્રકારો સહીત ૧૫૦ જેટલા રેઈનકોટ વિતરણ કરવામાં આવ્યા



કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કોરોના મહામારી માં લોકડાઉન સમયે કેશોદ શહેરમાં દરેક પોલીસ પોઈન્ટ પર નિયમિત નાસ્તો પહોંચાડી સેવાકીય પ્રવૃત્તિ કરનારાં સાગરભાઈ બોરડ દ્વારા કેશોદ નગરપાલિકામાં ફરજ બજાવતાં કર્મચારીઓને ચોમાસામાં વરસાદ થી રક્ષણ આપવા રેઈનકોટ નું વિતરણ કર્યું હતું. કેશોદ નગરપાલિકા નાં સેનેટરી ઈન્સ્પેક્ટર વી આર ડઢાણીયા અને રોશની સુપરવાઈઝર રામભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતાં. જૂનાગઢ જિલ્લા યુવા સેના પ્રમુખ અને જીલ્લા યુવા ભાજપાના મંત્રીશ્રી સાગરભાઈ બોરડ દ્વારા કેશોદ ખાતે નગરપાલિકા સફાઈ કામદારો તથા રોશની વિભાગના કર્મચારીઓ અને પત્રકાર મિત્રોને સુપ્રીમ કંપનીના પોચો રેક્રોટ દરેક વ્યક્તિને આપેલ છે વરસાદી મોસમને ધ્યાનમાં રાખીને સફાઈ કામદારો તથા સ્ટ્રીટ લાઈટ રીપેરીંગ માણસો સેફ્ટીના ભાગરૂપે રેઈનકોટ વિતરણ કરેલ છે જે રેઈનકોટ વિતરણ ચારચોક ખાતે આવેલ નગરપાલિકા બાલ ભવન ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલ હતો સોશ્યલ ડીસ્ટ્ન્સના પાલન સાથે આશરે ૧૫૦ રેઈનકોટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જમ્મુ-કાશ્મીરમાં ગૌમાતા પર અત્યાચાર આચરવામાં આવ્યો જેને અનુલક્ષીને ભારત રક્ષા મંચ બનાસકાંઠા દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ભારત રક્ષા મંચ બનાસકાંઠા દ્વારા જમ્મુ-કાશ્મીરમાં ગૌમાતા પર અત્યાચાર આચરવામાં આવ્યો જેને અનુલક્ષીને ભારત રક્ષા મંચ બનાસકાંઠા દ્વારા કલેકટરશ્રી ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હિન્દુધર્મ માં માં ગૌમાતા ને માતા નો દરજ્જો આપવા માં આવ્યો છે જ્યારે જમ્મુ-કાશ્મીરમાં હિન્દૂ ધર્મની લાગણી ને દુભાવે તેવું કૃત્ય આચરવા માં આવ્યું છે તે ક્યારે ચલાવી લેવા માં નહી આવે જ્યારે ભારત રક્ષા મંચ બનાસકાંઠા દ્વારા ગૌમાતા પર આચરેલ કૃત્ય તેમજ હત્યા



કરનારાઓ હત્યારાઓ ને સખ્ત માં સખ્ત કાર્યવાહી થાય તેમજ ભવિષ્યમાં ગૌમાતા પર આવા કૃત્યો તેમજ અત્યાચાર ના થાય જેને લઈ આવેદનપત્ર પાઠવવા માં આવ્યું જેમાં ભારત રક્ષા મંચ જિલ્લા અધ્યક્ષ અરૂણભાઈ જોશી,જિલ્લા સંયોજક કૌશલભાઈ જોશી,મનોજભાઈ ઉપાધ્યા,કનુભાઈ પટેલ,તેજાજી પરમાર,જયેશભાઈ પંચાલ તેમજ સંગઠન ના કાર્યકતાઓ હાજર રહ્યા રહી આવેદનપત્ર પાઠવવા માં આવ્યું



MEDIA & PROTOCOL DIVISION
AIIMS, NEW DELHI

29th August 2020

Press Release

Sh. Amit Shah, Hon'ble Home Minister is admitted at AIIMS, New Delhi for post COVID Care.

He has recovered and is likely to be discharged in a short time.


Dr. (Prof.) Aarti Vij
Chairperson
Media Cell & Protocol Division

**ગાંધીનગર ના સાંસદ તેમજ દેશ ના ગૃહ મંત્રી,ગુજરાત સરકાર માં સ્વતંત્ર હવાલો હોય તે રીતે શાશન ચલાવતા અમિત શાહ ને એઈમ્સ હોસ્પિટલ દિલ્હી ખાતે દાખલ કરેલા જાહેર કરાયા..શાશક પક્ષ ના લોકો ની લાગણી કે જલ્દી સજા થઈ યથાવત પરિસ્થિતિ મા આવે.**

# કેશોદની કોવીડ હોસ્પિટલમાં ૧૪૦ થી વધારે દર્દીઓ એ કોરોના ને હરાવ્યો

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

જુનાગઢ જિલ્લા કલેકટર ડૉ સૌરભ પારધી અને જીલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કેશોદ શહેરમાં કોરોના મહામારી કાબુમાં લેવા માટે દર્દીઓને સારવાર અર્થે કોવીડ હોસ્પિટલ શરૂ કરવા માટે ધારાધોરણ મુજબ મંજુરી આપી હતી.



કેશોદ શહેરમાં આવેલા નિષ્ણાંત ડોક્ટરોની ટીમ દ્વારા નિયમિત સારવાર માટે સમય ફાળવવામાં આવતાં જ કોરોના મહામારીમાં સારવાર માટે સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કેશોદ શહેરમાં આવેલી કોવીડ હોસ્પિટલમાં કેશોદ ઉપરાંત આસપાસના વિસ્તારોમાં થી આવતાં અંદાજે ૧૪૦ થી વધારે કોરોના પોઝીટીવ રીપોર્ટ ધરાવતાં દર્દીઓ એ કોરોના વાયરસ સામે જીત મેળવી છે.


સામાન્ય પરિસ્થિતિમાં કોરોના પોઝીટીવ રીપોર્ટ આવે તો લક્ષણો જોવા મળતાં ન હોય તો હોમ કવોરન્ટાઈન કરી સારવાર આપવામાં આવે છે પરંતુ સ્થિતિ ગંભીર હોય તો જુનાગઢ અથવા રાજકોટ ખાતે ખસેડવામાં આવતાં હતાં પરંતુ કોવીડ હોસ્પિટલમાં બેડ ખાલી ન હોય તો દર્દી નાં પરિવારજનો હેરાનપરેશાન થઈ જતાં હતાં અને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યો ની વાત થી જ એક ભયનું વાતાવરણ ઉભું થતું હતું. આવી કપરી પરિસ્થિતિમાં કેશોદ શહેરમાં કોરોના મહામારી ને મ્હાત આપવા શરૂ કરવામાં આવેલ કોવીડ હોસ્પિટલથી દર્દીઓને અજાણ્યું કે અજુગતું લાગતું ન હોવાથી રીકવરી મેળવવામાં સ્વસ્થ માનસિકતા મહત્વની ભૂમિકા ભજવે છે. કેશોદ શહેરમાં શરૂ કરવામાં આવેલ કોવીડ હોસ્પિટલમાં શરૂઆત થી જ દરેક બેડ ભરેલાં હોય અને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવેલા દર્દીઓ સારવાર મેળવી નેગેટિવ રીપોર્ટ આવ્યા નું પ્રમાણ વધતાં જુનાગઢ જિલ્લા કલેકટર ડૉ સૌરભ પારધી અને જીલ્લા આરોગ્ય અધિકારી દ્વારા વધું દશ બેડની મંજુરી આપી છે ત્યારે કેશોદ શહેરમાં કોવીડ હોસ્પિટલમાં હવે ચાલીસ બેડની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કેશોદ શહેરમાં કોવીડ હોસ્પિટલમાં દાખલ થયેલાં દર્દીઓ દ્વારા પોતાનાં અનુભવો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં જ હોય છે ત્યારે કોરોના મહામારી વચ્ચે સહુએ સાથે મળીને સાવચેત રહી જંગ લડવાની છે.

કેશોદના નામાંકિત તબીબો દ્વારા જીવનાં જોખમે કોવીડ હોસ્પિટલમાં દાખલ થયેલાં કોરોના પોઝીટીવ દર્દીઓ ની સારવાર કરીને યોધ્ધા બની લડી રહ્યાં છે અને પરિવારને ઉઝળતો રોકી રહ્યાં છે. કોવીડ હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાવવામાં આવતી તબીબી સારવાર ઉપરાંત અન્ય સુવિધાઓથી દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે.

# કેશોદના મોટી ઘંસારી ગામે પતિનાં મોતથી આઘાત લાગતાં માતા-પુત્ર એ મોતને વહાલું કર્યું

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

થોડા દિવસ પહેલા કોરોના ગ્રસ્ત પતિ અશોકભાઈ ચુડાસમાએ જૂનાગઢમાં ખાનગી હોસ્પિટલના છઠ્ઠા માળેથી કૂદીને આપઘાત કરી લીધો હતો. સામાન્ય રીતે આત્મહત્યાની ઘટનાઓ ગુજરાત સહિત દેશમાં છાસવારે બનતી રહે છે. આવી જ એક ઘટના જૂનાગઢના કેશોદમાં બની છે. જ્યાં એક માતાએ પોતાના પુત્ર સાથે કૂવામાં કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. સુત્રોના જણાવ્યા પ્રમાણે મહિલાએ પોતાના પતિની આત્મહત્યા બાદ આઘાત લાગ્યો હતો. અને પતિના મોત બાદ એકલી પડી ગઈ હતી. જેના પગલે પત્નીએ આ કમકમાટી ભર્યું પગલું ભર્યું હતું. મળતી માહિતી પ્રમાણે જૂનાગઢ જિલ્લાના કેશોદ



તાલુકામાં આવેલા મોટી ઘંસારી ગામમાં ૩૫ વર્ષીય નીતાબહેન અશોકભાઈ ચુડાસમાં પોતાના ૪ વર્ષના પુત્ર હેત અશોકભાઈ ચુડાસમા સાથે રહેતા હતા. તેઓ આંગણવાડી ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા હતા.

જોકે, થોડા સમય પહેલા તેમના પતિ અશોકભાઈ ચુડાસમાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ અશકોભાઈએ જૂનાગઢમાં ખાનગી હોસ્પિટલના છઠ્ઠા માળેથી કૂદીને આપઘાત કરી લીધો હતો. આમ પતિના મોત બાદ નીતાબહેનને આઘાત લાગ્યો હતો. પતિના મોત બાદ તેમનો પરિવાર વેરવિખેર થયો હતો. અને તેઓ એકલા પડી ગયા હતા. આમ આઘાતમાં સરી પડેલા નીતાબહેને પોતાના પુત્ર સાથે આપઘાત કરી લીધો હતો. વધુ મળતી માહિતી પ્રમાણે નિતાબહેને પોતાના ચાર વર્ષના પુત્ર સાથે કૂવામાં ઝંપલાવ્યું હતું. જેના પગલે માતા-પુત્રનું મોત નીપજ્યું હતું. આ અંગે જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી કરી હતી. આ કમકમાટી ભરી ઘટનાના પગલે નાના એવા મોટી ઘંસારી ગામમાં ચકચાર મચી ગઈ હતી.

# કાણોદર સેદ્રાસણ રોડ પર જીઈબીના થાંભલાઓ પર વેલા રાજ,ડીપી પણ વેલાઓથી સજ્જ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર તાલુકાના કાણોદર થી સેદ્રાસણ રોડ પર આવેલ જીઈબીના ઘણા વીજ થાંભલાઓ પર વેલાઓ ચડી જવા પામ્યા છે જયારે કોઈ મોટી શોર્ટસર્કિટ થઈ અગમ્ય ઘટના થાય તેવી સંભાવનાઓ સેવાઈ રહી છે જેમાં ચોમાસા ની સિઝન ચાલુ હોય તેમ છતાં જીઈબીના ના વીજળી ના તાર અને ડીપી વેલાઓથી ભરપૂર જોવા મળે છે તેમ છતાં જાણે અધિકારી અને કોન્ટ્રકટરો ને કોઈનો ડર ના હોય એમ દેખાઈ રહ્યું છે ચોમાસામાં કોઈ અણબનાવ બને તો જવાબદારી કોની? આમ તો થોડા




સમય પહેલા જીઈબી દ્વારા તાર પર આવતા ઝાડ ની ડાળીઓ કાપતા હોય છે તો એમને આ રસ્તા પર આવેલા થાભલા ઓની જાણે કોઈ સારસંભાળ લેવા જ ના આવતું હોય તેવું સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે.આ વેલાઓને કારણે શોટશર્કીટ થાય અને કોઈ પણ મોટો અકસ્માત સર્જાઈ તો જવાબદાર કોણ જીઈબી દર વખતે બીલ આપવામાં કોઈ પણ જાતની ચુક નથી કરતી તો આ પ્રકારે ની મોટી ચુક કેવી રીતે ચલાવી લે છે લોકોની ઉગ્ર માંગ છે તાત્કાલિક આ વેલાઓ અને જાડીજાખરા ઓ કાપી અને સાફસફાઈ કરવામાં આવે હવે જોવું રહ્યું કે જીઈબી પોતાની કુભંકર્ણ ની નિદ માંથી જાગી અને આ કામગીરી ક્યારે કરે છે......

# યુવા ક્ષત્રિય સેના પાટણ દ્વારા સિદ્ધપુર ખાતે યોજાતો સેવાકેમ્પ મોકૂક રાખી માતાજીની થાળ ચડાવ્યો

યુવા ક્ષત્રિય સેના ગુજરાત પાટણ જિલ્લા પરિવાર દ્વારા છેલ્લા ૩ વર્ષથી ગુજરાત ના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પુનમે ભરાતા મેળામાં પગપાળા જતા માઈભક્તો માટે સિદ્ધપુરના કુલપુરા શીતળા માતા મંદિર પરિસર ખાતે ચા-નાસ્તો અને પુરી શાક નો ભવ્ય સેવાકેમ્પ નું આયોજન કરવામાં આવે છે. પરંતુ ચાલુ સાલે કોરોના વાયરસથી વૈશ્વિક મહામારી ને લઈને સરકાર દ્વારા તમામ પ્રકારના ધાર્મિક મેળાવડા બંધ રાખવાનો આદેશ કરાતાં પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે નો મેળો પણ મોકૂક રાખવાની ફરજ પડી છે.જેને પગલે પગપાળા જતા સંઘો પણ બંધ રહ્યા છે.તેમજ સેવાકેમ્સપો પણ બંધ રહ્યા છે. ત્યારે સિદ્ધપુર ખાતે છેલ્લા ત્રણ વર્ષથી યોજાતો સેવા કેમ્પ ચાલુ સાલે મોકૂક રાખવામાં આવ્યો છે.જેને લઈ આજરોજ યુવા ક્ષત્રિય સેના પાટણ જિલ્લા ટીમ દ્વારા અહીં આવેલ શીતળામાં મંદિર ખાતે જગત જનની માં અંબા નો થાળ ચડાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ્રદેશમંત્રી લાલસિંહ ઠાકોર,પાટણ જિલ્લા પ્રમુખ પ્રવિણસિંહ પરમાર,જિલ્લા ઉપપ્રમુખ રમેશજી ઠાકોર, પાટણ તાલુકા પ્રમુખ બદસંગજી ઠાકોર,સિદ્ધપુર તાલુકા પ્રમુખ ભરતજી ઠાકોર,સિદ્ધપુર શહેર ઉપપ્રમુખ કનુભા વાઘેલા સહિતના કાર્યકરો હાજર રહ્યા હતા.

# કુડાસણ સ્વામિનારાયણ મંદિર માટે રણછોડભાઈ પટેલ ૧૨૦૦ વાર જગ્યા દાનમાં આપી દસ્તાવેજ કરી આપ્યો

પરમ પૂજ્ય ધ ધૂ ૧૦૦૮ કૌશલ્યન્દ્ર પ્રસાદ જી ની આજ્ઞા થી અને ધર્મ કુળ ના આશીર્વાદ પ્રાપ્ત કરી નરનારાયણ તાબા ના સેક્ટર ૨ ના સ્વામિનારાયણ મંદિર ના મહંત શ્રી પી. પી. સ્વામિ (નાના ) ની પ્રેરણા થી કુડાસણ ગામ ના હાલ ગાંધીનગર સ્થિત દશ ગામ લે.પા. સમાજ ના શ્રી રણછોડભાઈ. વિઠ્ઠલભાઈ પટેલ અને પરિવાર જનો તે જેવો સ્વામિનારાયણ સંપ્રદાય ના પરમ હરિભક્ત છે. તેવો શ્રી એ કુડાસણ ન્યૂ ગાંધીનગર શહેર ની વચ્ચે બિનખેતી થયેલ ૧૨૦૦ વાર જમીન નો પ્લોટ જેની કિંમત આશરે ચાર કરોડ જેટલી થાય તેવી જમીન નુ આજ રોજ નરનારાયણ તાબા ના મંદિર નિર્માણ માટે ભેટ દસ્તાવેજ કરી દાનરૂપે આપી સ્વામિનારાયણ સંપ્રદાય ની અધભૂત સેવા કરી છે... નવ ગામ ગોર સમાજ ની રચના સંપ્રદાય ના વિદ્વાન સ્વામિ મહાનુભાવા નંદ શ્રી એ કરી હતી સમય ની સાથે નવ ગોર સમાજ મા લે. પા સમાજ મા કુડાસણ ગામ નો સામવેશ થતા દશ ગામ લે. પા. ની રચના થયી તેમાં સમાજ મા સંપ્રદાય મા ખુંટ તી કડી સમાન સ્વામિનારાયણ મંદિર બનાવ વા ની નેમ સાથે સેક્ટર ૨સ્વામિનારાયણ મંદિર ના મહંત પી. પી. સ્વામિ શ્રી એ મહાનુભાવા નંદ સ્વામિ શ્રી નુ બાકી રહેલ કામ પૂર્ણ કરેલ છે.. નરનારાયણ દેવ પરમ ભક્ત શ્રી રણછોડભાઈ તેમજ તેમ ના પરિવાર જનો ઉપર કૃપા વર્ષા વે તેવી પ્રાર્થના સાથે.. દશ ગામ. લે. પા સમાજ તથા ગાંધીનગર શહેર અને જિલ્લા ના હરિ ભક્તો ના જય સ્વામિનારાયણ......... કનુભાઈ ઠક્કર.. હરેશભાઇ પટેલ.. મહેશભાઈ પટેલ.. પસાભાઇ પટેલ.. પરેશભાઈ પટેલ.. કે. આર. પટેલ. મુકેશભાઈ પટેલ નવીનભાઈ પટેલ.. રજનીભાઇ પટેલ.. પ્રવીણભાઈ પટેલ પૂર્વ મેયર.. તથાહરિ ભક્તો..... જય સ્વામિનારાયણ.. જય સ્વામિનારાયણ... જય સ્વામિનારાયણ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.